Saturday, 15 August 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

સમગ્ર દેશવાસીઓને ૮૦મા સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભકામનાઓ..

**વર્તમાન પ્રવાહ**

**અંક બંધ રહેશે**

આજે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે 'વર્તમાન પ્રવાહ' કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા.૧૬ ઓગસ્ટનો અંક પ્રગટ થશે નહીં, તા.૧૭ ઓગસ્ટનો અંક રાબેતા મુજબ પ્રગટ થશે. જેની એજન્ટો, ફેરિયાબંધુઓ, વાંચકો, વિજ્ઞાપનદાતાઓ તથા લાગતા-વળગતા તમામે નોંધ લેવી. - લિ. વ્યવસ્થાપક

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૪૧ ● સંવત-૨૦૮૨ શ્રાવણ સુદ ત્રીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## છેલ્લા ૧૦ વર્ષમાં પ્રશાસકશ્રીના નેતૃત્વમાં સંઘપ્રદેશમાં થયેલી ઐતિહાસિક શૈક્ષણિક ક્રાંતિ

# સંઘપ્રદેશના પ્રશાસકશ્રીનો દીવમાં 'શિક્ષકો સાથે સંવાદ'નો નવતર અભિનવ કાર્યક્રમ

**પ્રશાસક પ્રફુલભાઈ પટેલે શિક્ષકો સાથે સીધો સાર્થક અને અસરકારક સંવાદ સ્થાપિત કરી શિક્ષકોની જીજ્ઞાસાઓ અને તેમની શંકાનું પણ સમાધાન કર્યું : શિક્ષકોએ શિક્ષણ વ્યવસ્થા, શિક્ષણ પદ્ધતિ, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા શિક્ષણની ગુણવત્તા સાથે જોડાયેલા વિવિધ પ્રશ્નો અને સૂચનો પણ પ્રશાસકશ્રી સમક્ષ રાખ્યા**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૪**

પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલના આગમન બાદ છેલ્લા ૧૦ વર્ષમાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવે શિક્ષણના ક્ષેત્રમાં ઐતિહાસિક વિકાસ કર્યો છે. પૂર્વ પ્રાથમિકથી લઈ ઉચ્ચ અભ્યાસ માટે પણ પ્રદેશમાં મેડિકલ, એન્જિનિયરીંગ, લો, હોટલ મેનેજમેન્ટ, નર્સિંગથી લઈ અનેક પ્રકારના અભ્યાસક્રમોની સુવિધા ઘરઆંગણે ઉપલબ્ધ થઈ છે. એક સમયે બોર્ડની પરીક્ષામાં દાદરા નગર હવેલી અને દમણ-દીવની શાળા-સેન્ટરનો નંબર છેલ્લા ત્રણમાં રહેતો હતો તેની સરખામણીમાં આજે ગુજરાત જેવા મોટા રાજ્યના પરિણામોમાં પણ દીવ, દમણ અને દાદરા નગર હવેલીએ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના બોર્ડના પરિણામોમાં પ્રથમ ત્રણમાં પોતાનું સ્થાન અંકે કરી ઈતિહાસનું સર્જન કર્યું છે. તે કડીમાં આજે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દીવના મલાલા ઓડિટોરિયમ ખાતે શિક્ષકોની સાથે સંવાદના કાર્યક્રમની નવતર પહેલ કરી છે.

આજે દીવના મલાલા ઓડિટોરિયમ ખાતે શિક્ષણ અને શિક્ષણના ક્ષેત્રમાં ગુણાત્મક સુધારણાં અને સકારાત્મક પરિવર્તનની દિશામાં આયોજીત આ નવતર અભિનવ કાર્યક્રમમાં પ્રશાસકશ્રીએ શિક્ષકો સાથે સીધો સાર્થક અને અસરકારક સંવાદ સ્થાપિત કરી શિક્ષકોની જીજ્ઞાસાઓ અને તેમની શંકાનું પણ સમાધાન કર્યું હતું. સંવાદ દરમિયાન શિક્ષકોએ શિક્ષણ વ્યવસ્થા, શિક્ષણ પદ્ધતિ, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા શિક્ષણની ગુણવત્તા સાથે જોડાયેલા વિવિધ પ્રશ્નો અને સૂચનો પણ પ્રશાસકશ્રી સમક્ષ રાખ્યા હતા. પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે શિક્ષકોની જીજ્ઞાસા અને શંકાઓનું સમાધાન કરી આવશ્યક માર્ગદર્શન પ્રદાન કર્યું હતું અને શિક્ષણના ક્ષેત્રમાં નિરંતર નવાચાર અને ઉત્કૃષ્ટતા માટે પ્રેરિત કર્યા હતા.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે શિક્ષકો સાથે કરેલા સીધા સંવાદથી શૈક્ષણિક પર્યાવરણમાં પણ સકારાત્મક અસરો પેદા થઈ છે અને શિક્ષકોમાં વધેલા આત્મવિશ્વાસ અને આત્મસન્માનથી વર્ગખંડના શિક્ષણને વધુ વિદ્યાર્થીલક્ષી ઉપયોગી અને રચનાત્મક બનાવશે એવી પ્રબળ લાગણી પણ પેદા થઈ હતી.

## સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના હસ્તે બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ લાવનારી શાળાના પાંચ પ્રિન્સિપાલોને પુરસ્કૃત કરાયા

**સંઘપ્રદેશના પ્રશાસકશ્રીએ દીવમાં ૫૧ જેટલા નવનિયુક્ત શિક્ષકોને પ્રદાન કર્યા નિયુક્તિ પત્ર**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દીવ, તા.૧૪:** સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દીવના મલાલા ઓડિટોરિયમ ખાતે શિક્ષકો સાથે કરેલા સંવાદ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં ૧૦૦ ટકા પરિણામ હાંસલ કરનાર દીવની શાળાના પાંચ પ્રિન્સિપાલોને ઉત્કૃષ્ટ શિક્ષણ પ્રદર્શન માટે પુરસ્કૃત કરાયા હતા. સંઘપ્રદેશના પ્રશાસકશ્રીએ દીવમાં નવનિયુક્ત ૫૧ શિક્ષકોને





નિયુક્તિ પત્ર પણ પ્રદાન કર્યા હતા. પ્રશાસકશ્રીના હસ્તે નિયુક્તિ પત્ર મેળવતા નવનિયુક્ત શિક્ષકોમાં ઉત્સાહ અને ગૌરવની ભાવના પણ જોવા મળી હતી. પ્રશાસકશ્રીએ શિક્ષકોને તેમના દાયિત્વ પ્રત્યે સમર્પિત રહી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શિક્ષણની ગુણવત્તાને નવી ઊંચાઈઓ સુધી લઈ જવા માટે પ્રેરિત કર્યા હતા. પ્રશાસકશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, શિક્ષકોના ખભા ઉપર જ વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને સમાજ ઘડતર કરવાની ખુબ મોટી જવાબદારી છે.

આ પ્રસંગે પ્રદેશના શિક્ષણ સચિવ શ્રી અરૂણ ટી.એ અભિવાદન વક્તવ્ય આપી 'શિક્ષણ સંવાદ' કાર્યક્રમની પ્રસ્તાવના રજૂ કરી હતી.






## સુવિચાર - સદ્વિચાર

જો તમે જાણવું હોય કે તમારો વિરોધી કોણ છે, તો સાચું બોલો

## કવિતા

### નિશદિન જો હરિ કા ગુન ગાય રે

નિશદિન જો હરિ કા ગુન ગાય રે,
બિગડી બાત વાકી સબ બન જાય રે.

લાખ કહૂં માનૈ નહિ એકહુ,
અબ કહો, કબ લગ હમ સમઝાય રે.

સોચ વિચાર કરો કુછ 'ચકરંગ',
આખિર બનત બનત બન જાય રે.

- ચકરંગ

## આજની જોક

એક વાર એક માણસ મકાન શોધતો હતો ત્યારે તેને અલ્લાદીનનો ચિરાગ મળ્યો. અને તેણે ચિરાગમાંથી જીન બહાર આવ્યો. એ માણસે કીધું હે, અલ્લાદીનના ચિરાગ મને એક મકાન શોધી આપ. ત્યારે અલ્લાદીનનો ચિરાગ બોલ્યો ભાઈ હું મકાન શોધી શકતો હોત તો આ ચિરાગમાં ના રહું.




## કબીર વાણી

**પાયલ પથ્થર જો જુડે, તો ક્યા હોગા નુકસાન?**
**મન કા મન સે જો જુડે, વહી સચ્ચા જ્ઞાન.**

**-અર્થાત-**

પથ્થર કે ચીજોના જોડાણથી કોઈ મોટો ફાયદો નથી.
મનુષ્યનું મન પ્રેમથી જોડાય, તે જ સાચું જ્ઞાન અને સંબંધ છે.



## ચાણક્ય ઉવાચ

**લોકયાત્રા ભયં લજ્જા, દાક્ષિણ્યં ત્યાગશીલતા**
**પજજ યત્ર ન વિદ્યન્તે ન કર્યાત્તત્ર સંગતિમ્**

**-અર્થાત-**

જે સ્થળે આજીવિકા ન મળે, લોકોમાં ભય, દાન, લજ્જા, ઉદારતા અને દાન આપવાની વૃત્તિ ના હોય આવી પાંચ જગ્યાઓ માનવીએ નિવાસસ્થાન માટે પસંદ ન કરવી જોઈએ.

## આજનો દિન વિશેષ

### અદનાન સામી ખાન



અદનાન સામી ખાન (જન્મ ૧૫ ઓગસ્ટ ૧૯૭૧) એક ભારતીય ગાયક, સંગીતકાર, અભિનેતા અને પિયાનોવાદક છે. તેઓ હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી, તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ જેવી ઘણી ભાષાઓમાં ભારતીય અને પશ્ચિમી સંગીત રજૂ કરે છે. સંગીતમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ તેમને પદ્મશ્રી (ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર) થી નવાજવામાં આવ્યા છે. તેમનું સૌથી નોંધપાત્ર વાદ્ય પિયાનો છે. તેમને 'પિયાનો પર સંતૂર અને ભારતીય શાસ્ત્રીય સંગીત વગાડનાર પ્રથમ સંગીતકાર' તરીકે શ્રેય આપવામાં આવ્યો છે.

યુએસ સ્થિત કીબોર્ડ મેગેઝિનમાં એક સમીક્ષામાં તેમને વિશ્વના સૌથી ઝડપી કીબોર્ડ વાદક તરીકે વર્ણવવામાં આવ્યા છે અને તેમને નેવુંના દાયકાના કીબોર્ડ શોધકર્તા તરીકે ઓળખવામાં આવ્યા છે.

તેમનો ઉછેર અને શિક્ષણ યુનાઈટેડ કિંગડમમાં થયું હતું. તેઓ અગાઉ કેનેડિયન નાગરિક હતા, પરંતુ ૨૦૧૬ માં તેઓ ભારતીય નાગરિક બન્યા. તેમનો જન્મ પાકિસ્તાની વાયુસેનાના અનુભવી અને પશ્તુન મૂળના રાજદ્વારી અરશદ સામી ખાન અને નૌરીન, જે મૂળ ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના રહેવાસી હતા, તેમના ઘરે થયો હતો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ તેમને 'સંગીતના સુલતાન' કહ્યા છે. તેમને ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

સામીનો જન્મ ૧૫ ઓગસ્ટ ૧૯૭૧ના રોજ લંડન, ઈંગ્લેન્ડમાં થયો હતો. તેમનો ઉછેર અને શિક્ષણ યુનાઈટેડ કિંગડમમાં થયું હતું. તેમના પિતા, અરશદ સામી ખાન, પાકિસ્તાની પશ્તુન હતા અને તેમના મૂળ અફઘાનિસ્તાનમાં હતા. જ્યારે તેમની માતા નૌરીન ખાન જમ્મુની ભારતીય હતી. અદનાનના પિતા પાકિસ્તાન વાયુસેનાના પાઈલટ તરીકે સેવા આપી હતી, તે પહેલાં તેઓ વરિષ્ઠ અમલદાર બન્યા હતા અને ૧૪ દેશોમાં પાકિસ્તાનના રાજદૂત તરીકે સેવા આપી હતી. તેમના પૌત્ર-પૌત્રી, જનરલ અહેમદ જાન, અફઘાનિસ્તાનના હતા અને રાજા અબ્દુર રહેમાન ખાનના લશ્કરી સલાહકાર હતા. તેમના પૌત્ર-પૌત્રી આગા મહેફૂઝ જાન રાજા અમાનુલ્લાહ ખાનના શાસનકાળમાં ચાર અફઘાન પ્રાંતોના ગવર્નર હતા અને રાજાના પ્રથમ પિતરાઈ ભાઈ પણ હતા, જ્યારે તેમના દાદા અબ્દુલ સામી ખાને પોલીસના નાયબ મહાનિરીક્ષક તરીકે સેવા આપી હતી.

હબીબુલ્લાહ કલાકાની દ્વારા આગા મહેફૂઝ જાનની હત્યા કરવામાં આવી હતી અને તેથી સામીના પિતાનો પરિવાર પેશાવરમાં સ્થળાંતરિત થયો, જે તે સમયે બ્રિટિશ ભારતમાં હતો.

## બાળવાર્તા

### બળીયાથી દૂર રહેવામાં શાણપણ

એક વખત નદીમાં મોટું પૂર આવ્યું. નદીમાં કેટલીયે ચીજવસ્તુઓ તણાઈને વહેતી જતી હતી. એમાં એક તાંબાનો અને બીજો માટીનો એમ બે ઘડા પણ તરતા તરતા જતા હતા.

તાંબાના ઘડાએ માટીના ઘડાને જોયો અને બોલ્યો, 'દોસ્ત, તું પોચી માટીનો બનેલો છે, નાજુક છે. તારી ઈચ્છા હોય તો મારી પાસે આવ. તને કંઈ નુકસાન થવાનું હશે તો હું તને બચાવી લઈશ.'

'મિત્ર, તેં મારા માટે ભલી લાગણી બતાવી તેથી તારો આભાર' માટીના ઘડાએ કહ્યું અને ઉમેર્યું, 'પણ તારી તદ્દન નજીક આવવાની મારી હિંમત થતી નથી. તું રહ્યો સખત અને મજબૂત, જ્યારે હું રહ્યો માટીનો-પોચો. ભૂલમાંય આપણે જો અથડાઈ જઈએ, તો મારા તો ચૂરેચૂરા થઈ જાય! તું મારું ભલું ચાહતો હોય તો મારાથી દૂર રહે. એમાં જ મારી ભલાઈ છે.' આમ બોલતો માટીનો ઘડો હળવે હળવે તરતો તરતો તાંબાના ઘડાથી ઘણે દૂર દૂર ચાલ્યો ગયો.

## ધોડીપાડા ખાતે ચાલતી ભાગવત કથાનો બીજો દિવસ

# "ભક્તના ભાવ આગળ ભગવાન ભાવવિભોર બની જાય છે": કથાકાર પ્રફુલભાઈ શુક્લ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધોડીપાડા, તા.૧૪**

ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર દ્વારા સાંસ્કૃતિક ભવન ધોડીપાડા ખાતે આયોજિત ભાગવતકથામાં આજે વિશ્વપ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લના મુખારવિંદ દ્વારા વિદુર ચરિત્રની કથાનું સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું હતું. આ પૂર્વે નિત્ય ક્રમ અનુસાર ભાગવતનો બીજા દિવસનો દશાંશ યજ્ઞ સંપન્ન થયો હતો. કથાના કન્વીનર શ્રી વિજયભાઈ પટેલ અને એમના સમસ્ત પરિવાર દ્વારા પોથી તેમજ વ્યાસ પૂજન કરવામાં આવ્યું હતું. આજે કથામાં ભાગવતનું મહાત્મય પ્રથમ સ્કંધ અધિકાર લીલા તેમજ બીજા સ્કંધ જ્ઞાન લીલાનું સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું હતું.

દરમિયાન ભગવાન સુધી પહોંચવાના મુખ્ય ત્રણ માર્ગો જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય વિશેની વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. વિદુર ચરિત્રની કથાનું વર્ણન કરતા કથાકાર પ.પૂ. શ્રી પ્રફુલભાઈ શુક્લ એ વ્યાસપીઠ પરથી વર્ણવ્યું હતું કે, "ભક્તના ભાવ આગળ ભગવાન ભાવ વિભોર બની જાય છે."

આજે ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર દ્વારા પણ પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. કથાના આમંત્રણને માન આપીને પધારેલા તમામ ભક્તોનું સરપંચ શ્રી મીનાબેન પાટકર, શ્રી અક્ષયભાઈ ઓઝા, શ્રી ઉત્તમભાઈ વારલી, શ્રી કિકુભાઈ અને સરપંચ સંઘના પ્રમુખ શ્રી રાકેશભાઈ વઘાત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભૂદેવો શ્રી કિશન દવે અને શ્રી જયાનંદ મહારાજ દ્વારા વેદ મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માના કીર્તનમાં ભાવવિભોર બન્યા હતા. ભાગવત કથાના સમાપન બાદ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# સેલવાસની શ્રીમતી દેવકીબા કોલેજ ખાતે પુસ્તકાલય દિવસની ઉજવણી કરાઈ

## કાર્યક્રમે વિદ્યાર્થીઓને વાંચવા, શીખવા, શોધવા અને આગળ વધવા માટે પ્રેરણા આપી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૪**

૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સેલવાસની શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સમાં પુસ્તકાલય દિવસ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પુસ્તકો અને પુસ્તકાલયોના મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, અને સંદેશ આપવામાં આવ્યો હતો કે પુસ્તકો યુવા મનને માર્ગદર્શન આપવામાં અને તેમના વ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કાર્યક્રમની શરૂઆત દીવો પ્રગટાવીને થઈ હતી, જે જ્ઞાનના પ્રકાશનું પ્રતીક છે. આ પ્રસંગે "બુકમાર્ક બનાવવું અને પુસ્તક સમીક્ષા લેખન, તેમની સર્જનાત્મકતા અને વાંચન પ્રત્યેનો પ્રેમ દર્શાવવો" વિષય ઉપર આયોજીત સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ અવસરે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજના ગ્રંથપાલ ડૉ. પવન અગ્રવાલ અને અંગ્રેજી વિભાગના સહાયક પ્રોફેસર શ્રી સરજીત સિંહ, ખાસ મહેમાનો અને નિર્ણાયક તરીકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો અંત આભારવિધિ સાથે થયો, જેમાં લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ફત્તેહસિંહ એમ. ચૌહાણે વિદ્યાર્થીઓને શુભ સંદેશ આપતા જણાવ્યું હતું કે, 'પુસ્તક મન બદલી શકે છે. બદલાયેલ મન એક વિચારને જન્મ આપી શકે છે અને એક વિચાર દુનિયાને બદલી શકે છે.'

આ પ્રસંગે મેનેજમેન્ટ કમિટી, પ્રિન્સિપાલ ડૉ. સીમા પિલ્લઈ, લાઈબ્રેરી કમિટી, તમામ ફેકલ્ટીના શિક્ષકોએ વિદ્યાર્થીઓને પુસ્તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું અને તેમના સમર્થન અને ઉત્સાહપૂર્ણ ભાગીદારી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમે વિદ્યાર્થીઓને વાંચવા, શીખવા, શોધવા અને આગળ વધવા માટે પ્રેરણા આપી હતી.

# વાપીની અથર્વ પબ્લિક સ્કૂલ ખાતે 'રાખી ફોર જવાન'ની ૯મી આવૃત્તિની ભવ્ય ઉજવણી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

સરહદ પર દિવસ-રાત પહેરો દઈને દેશવાસીઓની રક્ષા કરતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી, વાપી-ચણોદ સ્થિત અથર્વ પબ્લિક સ્કૂલ ખાતે "રાખી ફોર જવાન" કાર્યક્રમની ૯મી આવૃત્તિનું અત્યંત ભાવસભર અને દેશભક્તિ સભર વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૭થી શરૂ થયેલી આ અનોખી પહેલ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ દર વર્ષે પોતાના હાથે રાખડીઓ તૈયાર કરીને દેશના સરહદ પર તૈનાત સૈનિક ભાઈઓને મોકલે છે. આ કાર્યક્રમ માત્ર રાખડી મોકલવા પૂરતો મર્યાદિત ન રહેતાં, વિદ્યાર્થીઓમાં નાનપણથી જ રાષ્ટ્રપ્રેમ, સંવેદનશીલતા અને દેશ પ્રત્યેની ફરજનું સિંચન કરવાનું માધ્યમ બન્યો છે.

**વિશેષ અતિથિઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિ :** આ ઉજવણી પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શ્રી અસ્પી દમાનિયા, વિશેષ અતિથિ તરીકે ૧૯૯૯ કારગિલ યુદ્ધના હીરો, ભારતીય સેનાના પેરા SF, NSG બ્લેક કેટ કમાન્ડો અને માર્કોસ કમાન્ડો રહી ચૂકેલા સૂબેદાર મેજર ચંદ્ર વિજય સિંહ સર (SM) તથા ડૉ.ચિંતન પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

**શાળાની રાષ્ટ્રસેવા અને સંસ્કૃતિ :** શાળાના ચેરપર્સન અને પ્રિન્સિપાલ શ્રીમતી લીના બોર્સેએ તમામ અતિથિઓનું સ્વાગત કરતાં 'રાખી ફોર જવાન'ની ૯ વર્ષની ગૌરવપૂર્ણ સફર રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, શાળા દ્વારા ભારતીય સેનાના સન્માનમાં દર વર્ષે ચાર મુખ્ય પ્રોજેક્ટ્સ– "રાખી ફોર જવાન", "કારગિલ વિજય દિવસ", "એક સૈનિક, એક પાનતી" અને "સોલ્જર્સ આર માય વેલેન્ટાઈન"નું આયોજન કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, દેશભક્તિ અને સૈનિકો પ્રત્યેના સતત સમર્પણ બદલ ભારતીય સેના દ્વારા અથર્વ પબ્લિક સ્કૂલને વિશેષ શીલ્ડ આપીને સન્માનિત કરવામાં આવી છે.

**સાંસ્કૃતિક પ્રસ્તુતિ અને આભાર વિધિ :** કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગાનથી થઈ હતી, જેના બાદ વિદ્યાર્થીઓએ ગણેશ વંદના, રાખી ગીત, "ફીલિંગ ઑફ સોલ્જર" નોટ અને "ભારત હમકો જાન સે પ્યારા હૈ" જેવા દેશભક્તિના ગીતો પર પ્રસ્તુતિ આપીને સમગ્ર માહોલને રાષ્ટ્રપ્રેમના રંગમાં રંગી દીધો હતો.

કાર્યક્રમના અંતે શાળાના ટ્રસ્ટી શ્રી સંજીવ બોર્સેએ ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર માન્યો હતો તથા કાર્યક્રમને સફળ બનાવવા બદલ શિક્ષકો અને વિદ્યાર્થીઓના પરિશ્રમ અને રાષ્ટ્રભાવનાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# દીવમાં ભારતીય જનતા પાર્ટી, દીવ દ્વારા એક ભવ્ય 'તિરંગા બાઈક રેલી'નું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૪**

આગામી સ્વતંત્રતા દિવસની ઉજવણી અને 'હર ઘર તિરંગા અભિયાન'ના ભાગરૂપે લોકોમાં રાષ્ટ્રપ્રેમ તથા રાષ્ટ્રીય એક્તાની ભાવના જાગૃત કરવાના ઉદ્દેશ્યથી, આજે ૧૨ ઓગસ્ટના રોજ ભારતીય જનતા પાર્ટી, દીવ દ્વારા એક ભવ્ય તિરંગા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. દીવના યુવાઓ અને નાગરિકોમાં આ રેલીને લઈને અદ્ભુત ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ રેલીનો ભવ્ય શુભારંભ બરાબર સાંજે ૪:૦૦ કલાકે વણાંકબારાના આઝાદ ચોક ખાતે સૌની ઉપસ્થિતિમાં 'વંદે માતરમ'ગીતના સમૂહ ગાન સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, હાથમાં શાનદાર રાષ્ટ્રધ્વજ અને 'ભારત માતા કી જય' તથા 'વંદે માતરમ'ના ગગનભેદી નારાઓ સાથે આ બાઈક રેલી સાઉદવાડી, બુચરવાડા, મલાલા અને દીવ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને આઈએનએસ ખુખરી મેમોરિયલ ખાતે પહોંચીને સંપન્ન થઈ હતી.

આ રેલીમાં સાંજે ૫:૦૦ કલાકે આ રેલીના સહભાગીઓ દીવ પ્રશાસન દ્વારા આયોજિત તિરંગા



રેલીમાં સામેલ થઈ ગયા હતા અને રાષ્ટ્રીય એક્તાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.આ કાર્યક્રમમાં દીવના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને જાહેર જનતા જોડાયા હતા. વિશેષ રૂપે, માછીમાર ભાઈઓએ પણ પોતાના બાઈક સાથે જોડાઈને દેશભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડ્યું હતું.રેલીને ઐતિહાસિક અને સફળ બનાવવા માટે જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી મોહન લક્ષ્મણ દ્વારા આ રેલીમાં જોડાનાર રાષ્ટ્રપ્રેમી જાહેર જનતા, હોદ્દેદારો, કાર્યકર્તાઓ, તેમજ સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા બદલ દીવ પોલીસ અને વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વાપી સલવાવ સ્વમિનારાયણ ઘનશ્યામ વિદ્યામંદિરમાં સ્વતંત્રતા પર્વે ચિત્ર સ્પર્ધા યોજાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ચિત્રકલા સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં આગામી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલના માર્ગદર્શન હેઠળ અને તમામ શિક્ષકોના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડ્યો હતો.

આ સ્પર્ધામાં શાળાના ચિત્રકલા શિક્ષક શ્રી દિવ્યેશ ભંડારીએ વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડ્યો હતો.તેમના નેતૃત્વ હેઠળ નાના ભૂલકાઓએ ઉત્સાહભેર ભાગ લઈને સુંદર તિરંગા ચિત્રો બનાવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરી દેશભક્તિને ઉજાગર કરતાં અનેક સુંદર ચિત્રો પણ રજૂ કર્યા હતા, જેમાં રાષ્ટ્રધ્વજ, શહીદોને શ્રદ્ધાંજલિ તથા દેશપ્રેમના વિવિધ પ્રસંગોનું નિરૂપણ જોવા મળ્યું હતું.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા ક્રાફ્ટ પેપરનો ઉપયોગ કરી અને અનાજનો ઉપયોગ કરી હાથબનાવટના સુંદર તિરંગા પણ તૈયાર કરવામાં આવ્યા હતા, જે તેમની સર્જનાત્મકતા અને હસ્તકલા કૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડતા હતા. નાના બાળકોએ રંગબેરંગી કાગળોની મદદથી બનાવેલા આ તિરંગા સૌ કોઈનું ધ્યાન ખેંચી રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવાનો તથા સ્વાતંત્ર્ય પર્વના મહત્ત્વથી નાનપણથી જ પરિચિત કરાવવાનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો. શાળા પરિવાર દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વાપી કેબીએસ નટરાજ કોલેજની એન.એસ.એસ.ની ટીમ જિલ્લા કક્ષાએ નશા મુક્ત ભારત સ્પર્ધામાં ઝળકી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

ચણોદ કોલોની સ્થિત કેબીએસ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અંતર્ગત એનએસએસ કાર્યરત છે. ભારત સરકારના યુવા કલ્યાણ અને રમતગમત મંત્રાલય દ્વારા વલસાડ ખાતે આયોજિત જિલ્લા કક્ષાની "નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત" સ્પર્ધામાં સદર કોલેજની એનએસએસ ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું નામ રોશન કર્યું છે. પ્રતિભાશાળી એનએસએસ સ્વયંસેવકોએ વિવિધ સ્પર્ધાઓમાં તેમની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને સામાજિક જાગૃતિ દર્શાવી અને વિવિધ પુરસ્કારો મેળવ્યા હતા. જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં મીસ. સાક્ષી મિશ્રા- પ્રથમ સ્થાન તેમજ કૃતિકા મિશ્રા- દ્વિતીય સ્થાન, પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં સૂરજ જયસ્વાલ- તૃતીય સ્થાન અને માઈમ એક્ટ ટીમ ઈવેન્ટ સ્પર્ધામાં એનએસએસ ટીમ- દ્વિતીય સ્થાને રહ્યા હતા. આ નોંધપાત્ર પ્રદર્શન એનએસએસ સ્વયંસેવકોના સમર્પણ, પ્રતિભા અને ટીમવર્કને પ્રતિબિંબિત કરે છે. દરેક સ્પર્ધકોને તાલીમ અને માર્ગદર્શન એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડો.ખુશ્બુ દેસાઈ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. કોલેજ મેનેજમેન્ટ અને પ્રિન્સિપાલ ડો.પૂનમ બી. ચૌહાણે તમામ વિજેતાઓ અને સહભાગીઓને તેમની પ્રશંસનીય સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા અને સંસ્થાને ગૌરવ અપાવવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

# દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે યોજાઈ રહેલા એસેસમેન્ટ કેમ્પનો મહત્તમ લાભ લેવા કલેક્ટર મનીષ ગુરવાનીની અપીલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૪**

નવસારી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં યોજાનારા એસેસમેન્ટ કેમ્પમાં પાત્ર લાભાર્થીઓ જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહી સહાયક ઉપકરણો માટે એસેસમેન્ટ કરાવે અને યોજનાનો મહત્તમ લાભ લે. તમારો સહયોગ અને સહભાગિતા, વધુ સરળ અને સ્વાવલંબી જીવન તરફ એક મહત્વપૂર્ણ પગલું!

વર્તમાન પ્રવાહ
વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
સુરેશ ઉમતીયાઃ- 98259 89444

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
દિપક સોલંકી - 98796 87316

80મા સ્વાતંત્ર્ય દિનની
પારડી નગરપાલિકા
વિસ્તારના વોર્ડ નંબર 1
સહિત તમામ નગરજનોને
હાર્દિક શુભેચ્છાઓ



## શ્રી પ્રણવકુમાર દોલતરાય દેસાઈ

બાંધકામ અધ્યક્ષ
પારડી નગરપાલિકા

---

80મા સ્વાતંત્ર્ય દિનની
પારડી નગરપાલિકા વિસ્તારના તમામ
નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ



## શ્રી વિપુલભાઈ પટેલ

પ્રમુખ
પારડી શહેર ભાજપ

---

80મા સ્વાતંત્ર્ય દિનની
પારડી નગરપાલિકા વિસ્તારના તમામ
નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ



## શ્રી ચેતનભાઈ સુરેશભાઈ નાયકા

પ્રમુખ
પારડી નગરપાલિકા

---

80મા સ્વાતંત્ર્ય દિનની
પારડી નગરપાલિકા
વિસ્તારના તમામ નગરજનોને
હાર્દિક શુભેચ્છાઓ



## શ્રી ઝુબિન દેસાઈ

મહામંત્રી
પારડી શહેર ભાજપ

---

80મા સ્વાતંત્ર્ય દિનની
પારડી નગરપાલિકા વિસ્તારના
મારા વોર્ડ નંબર 5 સહિત તમામ
નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ



## શ્રી ચેતનકુમાર નવીનભાઈ પટેલ

કારોબારી અધ્યક્ષ
પારડી નગરપાલિકા

---

सत्यमेव जयते
Government of India

# સૌ દેશવાસીઓને
# 80 મા
# સ્વતંત્રતા દિવસ
## ની હાર્દિક શુભેચ્છાઓ



"આપ સૌને આઝાદીના આ મહાન પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. 140 કરોડ દેશવાસીઓનો એક જ મંત્ર છે - 'વિકસિત ભારત'. વિકસિત ભારત બનાવવા માટે, ના આપણે રોકાઈશું, ના આપણે ઝૂકીશું; અને 2047 સુધીમાં વિકસિત ભારત બનાવીને રહીશું."

- નરેન્દ્ર મોદી


CBC 22201/13/0019/2627

લાલ કિલ્લાની પ્રાચીરથી સ્વતંત્રતા દિવસ સમારોહનું જીવંત પ્રસારણ સવારે 6.30 વાગ્યે દૂરદર્શન નેટવર્ક પર.

# વર્તમાન પ્રવાહ તંત્રી લેખ

# ચીન પર અમેરિકાના પ્રતિબંધો ભારત માટે મોટી તક સાબિત થઈ શકે છે

## ચોક્કસ કેટેગરીના વિદેશી ડ્રોન પર ૧૦૦% ટેરિફ ઝીંક્યો : ટ્રમ્પના નવા આદેશથી ચીનને ઝટકો






**ચી**ન પરની નિર્ભરતા ઓછી કરવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવાના હેતુથી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશથી આયાત કરવામાં આવતા ડ્રોન અને તેના સ્પેરપાર્ટ્સ પર ૧૦૦% સુધીનો જંગી ટેરિફ (આયાત કર) લાદવાની જાહેરાત કરી છે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ નવો ટેરિફ મોટાભાગે ૩ સપ્ટેમ્બરથી અમલી બનશે.

ટ્રમ્પ પ્રશાસનના નવા ફરમાન મુજબ, આ ભારે-ભરખમ ૧૦૦% ટેરિફ એવા સંવેદનશીલ ડ્રોન પર લાગુ થશે જેનું વજન ૨૫ કિલોગ્રામથી વધુ છે અથવા જેમાં થર્મલ ઈમેજિંગ જેવી એડવાન્સ સુરક્ષા ટેકનોલોજી આપેલી છે. જ્યારે રાષ્ટ્રીય સુરક્ષાના દાયરામાં ન આવતા હોય તેવા નાના કે સામાન્ય ડ્રોન પર ૨૫ % જેટલો ઓછો ટેરિફ લાદવામાં આવશે.આ નિર્ણય ભલે તમામ દેશોમાંથી આવતા ડ્રોન માટે હોય, પરંતુ તેનો મુખ્ય લક્ષ્યાંક ચીન છે. હાલમાં અમેરિકાના કોમર્શિયલ ડ્રોન માર્કેટમાં લગભગ ૮૦% હિસ્સો ચીની ડ્રોનનો છે. રિયલ એસ્ટેટ, એગ્રીકલ્ચર, ફિલ્મ પ્રોડક્શન અને કન્ટેન્ટ ક્રિએશનમાં ચીનની 'DJI' કંપનીનો દબદબો છે, જે ગ્લોબલ માર્કેટમાં ૭૦ % થી વધુ હિસ્સો ધરાવે છે. ટ્રમ્પના આ નિર્ણયથી વિદેશી સપ્લાય ચેઈન પરની નિર્ભરતા ઘટશે અને અમેરિકામાં ઘરઆંગણે ડ્રોન ઉત્પાદનને વેગ મળશે.


આ નિર્ણયની અસર ભારતીય ડ્રોન નિકાસકારો પર પણ પડશે, કારણ કે અમેરિકા ભારતના નાના અને કોમર્શિયલ ડ્રોન પર ૨૫% ટેરિફ લગાવશે. જોકે, નિષ્ણાતોના મતે ચીન પરના આ પ્રતિબંધો ભારત માટે મોટી તક સાબિત થઈ શકે છે.

**નિર્ણયની અસર ભારતીય ડ્રોન નિકાસકારો પર પણ પડશે, કારણ કે અમેરિકા ભારતના નાના અને કોમર્શિયલ ડ્રોન પર ૨૫% ટેરિફ લગાવશે**

## રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત

# રાહુલ ગાંધીને રાહત, વીર સાવરકર મામલે કેસ રદ

**અકોલામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રાહુલ ગાંધીએ વીર સાવરકરને અંગ્રેજોના નોકર અને પેન્શન લેનારા ગણાવ્યા હતા**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪:** લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને વીર સાવરકરના અપમાનના મામલે મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેમની વિરુદ્ધ લખનઉની કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલ સમન્સ રદ કરી દીધું છે. વીર સાવરકરના અપમાન સાથે જોડાયેલા મામલામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે લખનઉની નીચલી અદાલત દ્વારા રાહુલ ગાંધી વિરુદ્ધ જાહેર કરવામાં આવેલ સમન્સ રદ્દ કરી દીધું છે. કોર્ટે આ આદેશ ત્યારે આપ્યો જ્યારે ઉત્તર પ્રદેશ સરકારે જણાવ્યું કે, રાહુલ ગાંધી સામે કેસ ચલાવવા માટે જરૂરી કાયદાકીય મંજૂરી આપવામાં આવી નથી.



આ મામલો લખનઉના રહેવાસી વકીલ નૃપેન્દ્ર પાંડે દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો. અરજીમાં રાહુલ ગાંધી વિરુદ્ધ IPCની કલમ ૧૫૩A અને ૫૦૫ હેઠળ કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી. આરોપ હતો કે ૧૭ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ મહારાષ્ટ્રના અકોલામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રાહુલ ગાંધીએ વીર સાવરકરને અંગ્રેજોના નોકર અને પેન્શન લેનારા ગણાવ્યા હતા.

ફરિયાદીનો આરોપ હતો કે પ્રેસ કોન્ફરન્સમાં અગાઉથી તૈયાર કરાયેલા પત્રિકાઓ પત્રકારોને વહેંચવામાં આવ્યા હતા, જેનાથી સંકેત મળે છે કે નિવેદન સંપૂર્ણ તૈયારી સાથે આપવામાં આવ્યું હતું અને તેનો હેતુ સમાજમાં નફરત ફેલાવવાનો હતો. લખનઉની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ACJM) કોર્ટે આ મામલે રાહુલ ગાંધીને સમન્સ જારી કર્યું હતું. આની સામે રાહુલ ગાંધી અલ્હાબાદ હાઈકોર્ટ પહોંચ્યા હતા, પરંતુ ૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ હાઈકોર્ટની લખનઉ બેન્ચે સમન્સ રદ્દ કરવાનો ઈનકાર કરી દીધો હતો.

ત્યારબાદ મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને તેમના બેજવાબદાર નિવેદન માટે આકરી ફટકાર લગાવી હતી, પરંતુ તેમને વચગાળાની રાહત આપતા ACJM કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સ પર રોક લગાવી હતી. હવે ઉત્તર પ્રદેશ સરકારના જવાબના આધારે સુપ્રીમ કોર્ટે સમન્સ જ રદ કરી દીધું છે.

૨૫ એપ્રિલ ૨૦૨૫ની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચે રાહુલ ગાંધીને સાવરકર પર આપેલા નિવેદનને લઈને ફટકાર લગાવી હતી. જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું હતું કે રાહુલ ગાંધીએ સ્વાતંત્ર્ય સેનાનીઓના ઈતિહાસ વિશે માહિતી મેળવવી જોઈએ. કોર્ટે એ પણ કહ્યું હતું કે, રાહુલ ગાંધીની દાદીએ સાવરકરની પ્રશંસા કરતા પત્ર લખ્યો હતો. આ દરમિયાન મહાત્મા ગાંધી દ્વારા બ્રિટિશ વાઈસરોયને લખવામાં આવેલા પત્રમાં પોતાને 'તમારો વફાદાર સેવક' કહેવાના ઉદાહરણનો ઉલ્લેખ કરતા કોર્ટે સવાલ કર્યો હતો કે શું તેના આધારે કોઈ તેમને પણ અંગ્રેજોના નોકર કહી શકે?

## બજારમાં કેશ ફ્લો ઘટતાં વેપારીઓ ચિંતિત

# બજારમાંથી રૂપિયા અદૃશ્ય, નોટોની તંગી વચ્ચે મોટા વ્યવહારો અટવાયા




**બે રૂપિયાથી લઈને બે લાખ સુધીના વ્યવહાર માટે યુપીઆઈનો ઉપયોગ વધતાં બજારમાંથી રોકડ ગાયબ થઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૧૪**

અમેરિકા ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ વધુ કપરી બનવાની આશંકા વચ્ચે લોકો પોતાના ખર્ચમાં કાપ મૂકીને બચત તરફ વળ્યા છે. સામાન્ય પરિવારથી લઈને વેપારીઓ અને મોટા ઉદ્યોગપતિઓ પણ અનિશ્ચિત પરિસ્થિતિમાં ઘરનો ખર્ચ સરળતાથી ચાલી શકે તે માટે ચોક્કસ રકમની બચત કરી રહ્યા છે. તેથી બજારમાં ફરતી રોકડ રકમનો પ્રવાહ ઘટ્યો હોવાની ચર્ચા વેપારી વર્તુળોમાં શરૂ થઈ છે. એક તરફ મોંઘવારીના કારણે લોકો બિનજરૂરી ખર્ચ ટાળી રહ્યા છે તો બીજી તરફ UPI અને અન્ય ડિજિટલ પેમેન્ટના વધતા ઉપયોગને કારણે પણ કેશ ટ્રાન્ઝેક્શનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

વેપારી પલક પટેલના જણાવ્યા મુજબ ત્રણેક મહિનાથી લોકો પોતાના ઘરમાં ચોક્કસ રકમ બચાવીને રાખી રહ્યા છે. કોઈ અણધારી કે અનિવાર્ય પરિસ્થિતિ ઊભી થાય તો પરિવારના ખર્ચમાં મુશ્કેલી ન પડે તે માટે લોકો રોકડ હાથવગી રાખવાનું પસંદ કરી રહ્યા છે.

અગાઉ બજારમાં ખરીદી અને વેપારમાં ફરતી રહેતી રોકડ રકમ હવે ઘરમાં જ અટકી જતાં બજારમાં કેશ ફ્લો ઘટ્યો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મૌલિક પટેલના જણાવ્યા મુજબ રોકડની અછત પાછળનું એક મોટું કારણ ડિજિટલ પેમેન્ટનો વધતો ઉપયોગ પણ છે.

પાનના ગલ્લા અને ચાની લારીથી લઈને મોટા વેપાર-ધંધા સુધી લોકો નાની રકમથી લઈને લાખો રૂપિયાના વ્યવહારો પણ UPI મારફતે કરવા લાગ્યા છે. પરિણામે રોજબરોજ બજારમાં ફરતી રોકડની જરૂરિયાત ઘટી છે અને રોકડના વ્યવહારો મોટા પ્રમાણમાં ઘટી ગયા છે. રોકડની અછતની અસર સોના-ચાંદીના બજાર પર પણ જોવા મળી રહી છે. સોની બજારના વેપારી અજય સોનીના જણાવ્યા મુજબ ચાર-પાંચ મહિનાથી બજારમાં મંદીનો માહોલ છે.

અગાઉ લોકો પોતાની બચતમાંથી લોકો સોના-ચાંદીમાં રોકાણ કરતા હતા, પરંતુ હવે લોકો પાસે વધારાની રોકડ ન હોવાથી આવી ખરીદી પર પણ બ્રેક લાગી છે.

ખાસ કરીને મહિલાઓ ઘરખર્ચમાંથી બચાવેલી રકમમાંથી વર્ષે-દહાડે સોના-ચાંદીની નાની-મોટી વસ્તુઓ ખરીદતી હતી. બિલ્ડરો અને ડેવલપરો પ્રોપર્ટીમાં ચોક્કસ બ્લેક મની અને ચોક્કસ વ્હાઈટમાં લેતા હતા. હવે રોકડ માટે બિલ્ડરોને પણ રાહ જોવી પડી રહી છે.

**વસ્તી ગણતરી ૨૦૨૭**

# જાતિથી લઈને કોવિડ રસી સુધી પૂછવામાં આવશે ૪૦ પ્રશ્નો

## કેન્દ્ર સરકારે પૂછવામાં આવતા સવાલોની યાદી જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪:** કેન્દ્ર સરકારે વસ્તી ગણતરીમાં પૂછવામાં આવતા સવાલોની યાદી જાહેર કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે શુક્રવારે ૪૦ પ્રશ્નોનું લિસ્ટ જાહેર કર્યું, જેમાં જાતિ, ધર્મ, બાળકોની સંખ્યા અને કોવિડ રસીકરણની જાણકારી માગવામાં આવી છે. સવાલોના લિસ્ટમાં પૂછવામાં આવ્યું કે તમે કોરોનાની રસી લઈ જગ્યાએથી લીધી હતી.

૪૦સવાલોમાં વ્યક્તિનું નામ, પરિવારના મુખિયા સાથે સંબંધ, લિંગ, જન્મની તારીખ અને ઉંમર, લગ્નની સ્થિતિ, લગ્ન સમયે ઉંમર, જીવનસાથીનું નામ, રાષ્ટ્રીયતા, ધર્મ, પિતા અને માતાની જાણકારી, વિકલાંગતા, માતૃભાષા સહિત અન્ય જાણકારી હોય તે ભાષા, સાક્ષરતા અને ડિજિટલ સાક્ષરતાની સ્થિતિ, શિક્ષણ સંસ્થાઓમાં ઉપસ્થિતિની સ્થિતિ, કઈ ડિગ્રી મેળવી છે અને સ્ટ્રીમ/વિષય અને શું વ્યક્તિએ પાછલા વર્ષ દરમિયાન કોઈ કામ કર્યું છે, જેવી જાણકારી સામેલ છે.

**તમને પૂછવામાં આવશે તેવા પ્રશ્નો**

વ્યક્તિનું નામ
પરિવારના વડા સાથેનો સંબંધ
લિંગ
જન્મ તારીખ અને ઉંમર (પૂર્ણ વર્ષોમાં)
વર્તમાન વૈવાહિક સ્થિતિ
લગ્ન સમયે ઉંમર (પૂર્ણ વર્ષોમાં)
જીવનસાથીનું નામ
ધર્મ
જાહેર રાષ્ટ્રીયતા
અનુસૂચિત જાતિ (SC)/ અનુસૂચિત જનજાતિ (ST)/જાતિ
પિતાની વિગતો
માતાની વિગતો
અપંગતા
માતૃભાષા અને અન્ય જાણીતી ભાષાઓ
સાક્ષરતા અને ડિજિટલ સાક્ષરતા સ્થિતિ
શાળા/શૈક્ષણિક સંસ્થામાં હાજરી સ્થિતિ
પ્રાપ્ત શિક્ષણનું ઉચ્ચતમ સ્તર અને પ્રવાહ/વિષય
છેલ્લા વર્ષ દરમિયાન કોઈપણ સમયે કામ કર્યું છે કે નહીં
આર્થિક પ્રવૃત્તિની શ્રેણી
વ્યવસાય, ઉદ્યોગ, વેપાર અથવા સેવાનો પ્રકાર
કામદારનો વર્ગ
બિન-આર્થિક પ્રવૃત્તિ (સીમાંત, અર્ધ-સીમાંત અને બિન-કામદારો માટે)
કામ શોધવું અથવા કામ માટે ઉપલબ્ધ (સીમાંત, અર્ધ-સીમાંત અને બિન-કામદારો માટે)
કાર્યસ્થળ પર મુસાફરી
જન્મ સ્થળ
પાછલા રહેઠાણનું સ્થળ
સ્થળાંતરનું કારણ (સ્થાનાંતરણ) એક જગ્યાએથી બીજી જગ્યાએ)
છેલ્લા સ્થળાંતર પછી આ ગામ/નગરમાં રહેવાનો સમયગાળો
કાયમી રહેણાંક સરનામું
હાલમાં જીવિત બાળકોની સંખ્યા (ફક્ત હાલમાં પરિણીત, વિધવા, છૂટાછેડા લીધેલી અને અલગ થયેલી મહિલાઓ માટે)
આજ સુધી જીવંત જન્મેલા બાળકોની કુલ સંખ્યા (ફક્ત હાલમાં પરિણીત, વિધવા, છૂટાછેડા લીધેલી અને અલગ થયેલી મહિલાઓ માટે)
છેલ્લા વર્ષમાં જીવંત જન્મેલા બાળકોની સંખ્યા (ફક્ત હાલમાં પરિણીત મહિલાઓ માટે)
COVID-19 રસીકરણનું સ્થળ
બેંક ખાતાઓની કુલ સંખ્યા
મોબાઈલ નંબર (જો ઉપલબ્ધ હોય તો)
આધાર નંબર (જો ઉપલબ્ધ હોય તો)
મતદાર ID નંબર (જો ઉપલબ્ધ હોય તો)
પાસપોર્ટ નંબર (જો ભારતીય પાસપોર્ટ ધારક હોય તો)
ડ્રાઈવિંગ લાઈસન્સ ઉપલબ્ધતા

મહત્વનું છે કે જનગણના દેશના બધા વ્યક્તિઓથી સંબંધિત તે વસ્તી વિષયક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ડેટા એકત્રિત કરવા, સંકલન કરવા, વિશ્લેષણ કરવા અને પ્રસારિત કરવાની પ્રક્રિયા છે. જનગણના ૨૦૨૭ ભારતીય વસ્તી ગણતરીની ૧૬મી સિરીઝ અને આઝાદી બાદની આઠમી જનગણના હશે. આ વિશ્વનું સૌથી મોટું જનગણના અભિયાન હશે, જે ડિજિટલ, મજબૂત ડેટા સુરક્ષા અને પ્રક્રિયાઓના સરળીકરણની દિશામાં એક મોટું પગલું છે.

પ્રથમ વસ્તીગણતરી ૧૮૬૫-૧૮૭૨ દરમિયાન આયોજીત કરવામાં આવી હતી, ત્યારબાદ ૧૮૮૧મા પ્રથમવાર દેશવ્યાપી (એક સાથે) વસ્તી ગણતરી થઈ. ત્યારથી ભારતમાં દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. પરંતુ કોરોનાને કારણે ૨૦૨૧ની વસ્તી ગણતરી ન થઈ શકી. તેથી જનગણના ૨૦૨૭ આ ક્રમમાં આગામી જનગણના હશે, જે કુલ મળી સ્વતંત્રતા બાદ આઠમી જનગણના છે.

# સાથીઓ, મને તમારી મદદની જરૂર છે, સોનમ વાંગચુકની વધુ એક ભાવુક અપીલઃ કહ્યું- દેશને ક્રાંતિની જરૂર

**માત્ર સરકાર બદલવાથી સમસ્યાઓનો ઉકેલ આવ્યો નથી : દેશમાં શાંતિપૂર્ણ ક્રાંતિ અને મોટા બદલાવ લાવવા માટે સોનમ વાંગચુક દ્વારા દેશના શ્રેષ્ઠ બુદ્ધિજીવીઓ, નિઃસ્વાર્થ અને ચરિત્રવાન લોકોને એકમંચ પર લાવવાની યોજના**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪**

જાણીતા સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે ૧૫ ઓગસ્ટ અગાઉ દેશવાસીઓને એક ખાસ સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હોવાથી હું દેશના ભવિષ્ય અંગે વિચારી રહ્યો હતો અને હાલની સ્થિતિ જોઈને મને નિરાશા થઈ છે. તેમના જણાવ્યા મુજબ, ૫૦ વર્ષ પહેલાં જે પડોશી દેશો ભારતની સરખામણીએ પાછળ કે બરાબર હતા, તેઓ આજે ભારતથી ઘણાઆગળ નીકળી ગયા છે. થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવા દેશો પણ પ્રતિ વ્યક્તિ આવક અને જીડીપી (GDP) મામલે ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. જો આપણે આવી જ રીતે પાછળ રહી જઈશું, તો ૨૦૪૭ સુધીમાં ભારત વિકસિત દેશ બનવાને બદલે વિશ્વના દેશો સામે ઘણું પાછળ રહી જશે.



સોનમ વાંગચુકના જણાવ્યા મુજબ, માત્ર સરકારો બદલવાથી દેશની સ્થિતિ બદલાતી નથી. વર્ષ ૨૦૧૨-૧૩માં ભ્રષ્ટાચારના વિરોધમાં આંદોલન કરીને સરકાર બદલવામાં આવી હતી, પરંતુ ૧૨ વર્ષ પછી પણ ભ્રષ્ટાચાર અને અન્યાયે નવું રૂપ ધારણ કરી લીધું છે અને તે બમણા કે ત્રણ ગણા મોટા થઈને દેશ સામે ઊભા છે. કોઈ પણ રાજકીય પક્ષ હોય, જ્યારે લોકો અન્યાય સામે અવાજ ઉઠાવે છે ત્યારે સરકારો દ્વારા તેને કડક રીતે દબાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે ફેરફારો કરવા છતાં અપેક્ષિત સુધારા દેખાતા નથી, અને જ્યાં સુધી શિક્ષણ પછાત રહેશે ત્યાં સુધી દેશનો વિકાસ પણ અટકેલો રહેશે. દેશના નેતૃત્વ અંગે ચિંતા વ્યક્ત કરતા વાંગચુક કહ્યું હતું કે, સાચું અને યોગ્ય નેતૃત્વ ન પસંદ કરવું એ આપણી સૌથી મોટી ખામી રહી છે. વર્તમાન સ્થિતિમાં સંસદના લગભગ અડધા સાંસદો સામે અલગ-અલગ આરોપો છે, જ્યારે એક તૃતીયાંશ (One-Third) સાંસદો સામે ગંભીર ગુનાહિત કેસો નોંધાયેલા છે. આવા સંજોગોમાં દેશનો વાસ્તવિક વિકાસ કરવો મુશ્કેલ છે. હું કોઈ ચોક્કસ પક્ષ કે વિપક્ષની નહીં, પરંતુ સમગ્ર દેશના હિતની વાત કરી રહ્યો છું અને હજુ પણ કેટલાક નેતાઓ સત્ય અને યોગ્ય માર્ગ પર ચાલી રહ્યા છે તે સરાહનીય છે. દેશમાં શાંતિપૂર્ણ ક્રાંતિ અને મોટા બદલાવ લાવવા માટે સોનમ વાંગચુક દ્વારા દેશના શ્રેષ્ઠ બુદ્ધિજીવીઓ, નિઃસ્વાર્થ અને ચરિત્રવાન લોકોને એકમંચ પર લાવવાની યોજના બનાવવામાં આવી રહી છે. તેમણે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે દેશવાસીઓ પાસે ભેટ સ્વરૂપે એવા નિઃસ્વાર્થ અને સિદ્ધાંતવાદી લોકોના નામો અને સૂચનો માંગ્યા છે, જે દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવામાં મદદ કરી શકે. આગામી સમયમાં તેઓ લોકોના પ્રતિસાદ અને સૂચનો મેળવવા વિવિધ રાજ્યો અને શહેરોની મુલાકાત પણ લેશે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ કોકરોચ જનતા પાર્ટીના આંદોલનને સમર્થન આપવા માટે સોનમ વાંગચુકે ૨૬ દિવસ સુધી ભૂખ હડતાળ કરી હતી. તેમના આ અનશનના કારણે આંદોલન સમગ્ર દેશમાં વ્યાપક બન્યું હતું અને આખરે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું.

# લાલ કિલ્લા, હાઈકોર્ટ અને IGI એરપોર્ટ સહિત ૬ સ્થળોને બોમ્બથી ઉડાવવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪**

૧૫ ઓગસ્ટના એક દિવસ પહેલા દિલ્હીમાં બોમ્બની ધમકીથી હડકંપ મચી ગયો છે. લાલ કિલ્લો, દિલ્હી હાઈકોર્ટ, IGI એરપોર્ટના ટર્મિનલ-૩ સહિત અનેક સરકારી અને મહત્વપૂર્ણ સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા મળેલી આ ધમકીને પગલે સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. ધમકીભર્યા ઈ-મેલમાં દિલ્હી હાઈકોર્ટ અને જિલ્લા અદાલતમાં વિસ્ફોટના સમયનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દિલ્હી મેટ્રો અને અંબાલા જતી ટ્રેનોને નિશાન બનાવવાની ધમકી પણ આપવામાં આવી છે. માહિતી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ અને સંબંધિત સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી હોવાની માહિતી નથી.

બોમ્બની ધમકી અંગે અધિકારીઓએ જણાવ્યું કે જામ નગર હાઉસ, ઝંડેવાલાન બિલ્ડિંગ, MB સાકેત ઓફિસ/DM ઓફિસ અને SDM ઓફિસ, દિલ્હી કેન્ટોનમેન્ટમાં પણ ધમકીભર્યા ફોન કરવામાં આવ્યા હતા.

હકીકતમાં, ૧૫ ઓગસ્ટ પહેલા ખાલિસ્તાનના નામે ધમકીભર્યો ઈ-મેલ મળ્યો છે. તેમાં દિલ્હી હાઈકોર્ટમાં બપોરે ૨:૧૧ વાગ્યે વિસ્ફોટનો દાવો કરવામાં આવ્યો છે. જ્યારે જિલ્લા અદાલતમાં ૩:૧૧ વાગ્યે વિસ્ફોટની ધમકી આપવામાં આવી છે. ઈ-મેલમાં ૧૫ ઓગસ્ટે વિસ્ફોટ કરવાની વાત કહેવામાં આવી છે અને સંદેશમાં લખવામાં આવ્યું છે- 'Delhi Banega Khalistan' એટલે કે 'દિલ્હી ખાલિસ્તાન બનશે'. એટલું જ નહીં, દિલ્હી મેટ્રો અને અંબાલા જતી ટ્રેનોને પણ નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી છે.

ઈ-મેલમાં આતંકવાદી સંગઠન બબ્બર ખાલસાનું નામ પણ લખવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને અદાલતોને લઈને પણ ધમકીભરી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઈ-મેલમાં પંજાબના જંડિયાલા ગુરુ સહિત અનેક સ્થળોનો ઉલ્લેખ છે. ધમકીભર્યો ઈ-મેલ મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે. ધમકીભર્યા ઈ-મેલની તપાસ અને તેને મોકલનારની ઓળખ કરવાનો પ્રયાસ ચાલુ છે.

**દિલ્હીમાં ક્યાં-ક્યાં બોમ્બની ધમકી મળી? :** દિલ્હી હાઈકોર્ટ, જામ નગર હાઉસ, ઝંડેવાલાન બિલ્ડિંગ, MB સાકેત ઓફિસ DM ઓફિસ, ટર્મિનલ 3 IGI, SDM ઓફિસ દિલ્હી કેન્ટ, લાલ કિલ્લો.

ઈ-મેલમાં 'ખાલિસ્તાન' અને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોનો ઉલ્લેખ કરીને એવી ધમકી પણ આપવામાં આવી છે કે દિલ્હી મેટ્રો લાઈનો અને અંબાલાથી આવતી ટ્રેનોમાં પણ વિસ્ફોટ થશે. હાલમાં, સાવચેતીના ભાગરૂપે ધમકી બાદ તમામ સ્થળોએ ફાયર ટેન્ડર તહેનાત કરવામાં આવ્યા છે. અત્યાર સુધીની પ્રાથમિક તપાસમાં આ સ્થળોએ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

૧૫ ઓગસ્ટને ધ્યાનમાં રાખીને દિલ્હી અને NCRમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. અધિકારીઓ ૮૦મા સ્વતંત્રતા દિવસ પહેલા પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. દેશ આ અવસરની ઉજવણી અને લાલ કિલ્લા પરથી વડાપ્રધાનના પરંપરાગત ભાષણની તૈયારી કરી રહ્યો છે, ત્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરી દેવામાં આવી છે.

ધમકી બાદ, દિલ્હી હાઈકોર્ટના જોઈન્ટ સેક્રેટરી એડવોકેટ કુણાલે કહ્યું કે, એવું લાગે છે કે ધમકી ખોટી હતી. બધું નિયંત્રણમાં છે. બોમ્બ સ્ક્વોડ અને સ્નિફર ડોગ્સ સમગ્ર હાઈકોર્ટ પરિસરની સંપૂર્ણ તપાસ કરી રહ્યા છે. અત્યાર સુધી, કોઈ એલાર્મની જાણ થઈ નથી.

૧૫ ઓગસ્ટની ઉજવણી પહેલા જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા કર્મચારીઓ હાઈ એલર્ટ પર છે. ગુપ્ત માહિતીના આધારે, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા કર્મચારીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ગુપ્ત માહિતી સૂચવે છે કે ૧૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ પહેલા આતંકવાદીઓ આ વિસ્તારમાં આતંકવાદી હુમલો કરવાનો પ્રયાસ કરી શકે છે. શ્રીનગરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. દરેક જગ્યાએ સુરક્ષા કર્મચારીઓ તૈનાત છે. દરેક જગ્યાએ વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. આતંકવાદી ગતિવિધિઓ પર નજર રાખવા માટે સીસીટીવી અને દેખરેખ રાખવામાં આવી રહી છે.

૧૫ ઓગસ્ટની ઉજવણી શ્રીનગરના બખ્શીર સ્ટેડિયમમાં યોજાશે. આ સ્ટેડિયમની નજીક મોટી સંખ્યામાં સુરક્ષા કર્મચારીઓ તૈનાત છે. સ્ટેડિયમ તરફ જતા દરેક વાહનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. સેનાએ ૧૧ ઓગસ્ટે પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

## પહેલીવાર ગુંજશે 'વંદે માતરમ', ૨૧ તોપોની સલામી સાથે થશે ધ્વજવંદન

# ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી દિલ્હીના લાલ કિલ્લા પરથી યોજાશે : પીએમ મોદી ધ્વજવંદન કરશે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે ત્યારે ભારતીય વાયુસેનાના બે Mi-17 હેલિકોપ્ટર કાર્યક્રમ સ્થળ પર ફૂલોની વર્ષા કરશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ દિલ્હીના લાલ કિલ્લા પરથી ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણીનું નેતૃત્વ કરશે. આ ભવ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ જૂના વારસાને યાદ કરવા અને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનવાની ભારતની યાત્રામાં 'યુવા શક્તિ'ની ઊર્જા, આકાંક્ષાઓ અને મહત્વપૂર્ણ યોગદાનની ઉજવણી કરવા માટે આયોજિત કરવામાં આવી રહ્યો છે. લાલ કિલ્લા પર આ કાર્યક્રમમાં પહેલીવાર 'વંદે માતરમ' રજૂ કરવામાં આવશે.

લાલ કિલ્લા પર આગમન બાદ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ અને સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ પ્રધાનમંત્રીનું સ્વાગત કરી શકે છે. સંરક્ષણ સચિવ પ્રધાનમંત્રીનો પરિચય લેફ્ટનન્ટ જનરલ રાજેશ સેઠી, જનરલ ઓફિસર કમાન્ડિંગ (જીઓસી), દિલ્હી વિસ્તાર સાથે કરાવશે. ત્યારબાદ, દિલ્હી વિસ્તારના જીઓસી, પ્રધાનમંત્રીને સેલ્યુટીંગ બેઝ પર લઈ જશે, જ્યાં ઈન્ટર-સર્વિસિસ અને દિલ્હી પોલીસનો સંયુક્ત ગાર્ડ નરેન્દ્ર મોદીને 'જનરલ સેલ્યુટ' રજૂ કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કરશે.

પ્રધાનમંત્રી માટે ગાર્ડ ઓફ ઓનર ટુકડીમાં એક અધિકારી અને સેના, નૌકાદળ, વાયુસેના અને દિલ્હી પોલીસના ૨૪ સૈનિકોનો સમાવેશ થશે. આ વર્ષે, ભારતીય સેના સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે સંકલન સેવા તરીકે સેવા આપી રહી છે. લેફ્ટનન્ટ કર્નલ અર્જુન સિંહ ગાર્ડ ઓફ ઓનરનું નેતૃત્વ કરશે. પ્રધાનમંત્રીના ગાર્ડમાં સેનાની ટુકડીનું નેતૃત્વ મેજર આદિત્ય શર્મા, નૌકાદળની ટુકડીનું સંચાલન લેફ્ટનન્ટ કમાન્ડર નીલમ રાણા અને વાયુસેનાની ટુકડીનું સંચાલન સ્ક્વોડ્રન લીડર વિપિન કુમાર કરશે. દિલ્હી પોલીસ ટુકડીનું નેતૃત્વ એડિશનલ ડીસીપી વિનીત કુમાર કરશે.

ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યા પછી, પ્રધાનમંત્રી લાલ કિલ્લાના પ્રાચીર તરફ જશે, જ્યાં તેમનું સ્વાગત સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠ, સંરક્ષણ સ્ટાફ ચીફ જનરલ એનએસ રાજા સુબ્રમણ્ય, વાયુસેના ચીફ એર ચીફ માર્શલ એપી સિંહ, નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણા સ્વામીનાથન અને આર્મી ચીફ જનરલ ધીરજ સેઠ કરશે. દિલ્હી વિસ્તારના જનરલ ઓફિસર, પ્રધાનમંત્રીને રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે પ્રાચીર પરના મંચ પર લઈ જશે.

કેપ્ટન સોનિયા સિંહ ચૌહાણ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં પ્રધાનમંત્રીને મદદ કરી શકે છે. આ સમારોહ ૧૭૨૧ ફિલ્ડ બેટરી (સેરેમોનિયલ) ના બહાદુર તોપચાપ દ્વારા ૨૧ તોપોની સલામી સાથે સુમેળમાં યોજાશે. સ્વદેશી ૧૦૫ મીમી લાઈટ ફિલ્ડ ગનનો ઉપયોગ કરતી આ ઔપચારિક બેટરીનું નેતૃત્વ મેજર પવન સિંહ શેખાવત કરશે અને ગન પોઝિશન ઓફિસર નાયબ સુબેદાર (ગનરીમાં સહાયક પ્રશિક્ષક) અનુતોષ સરકાર કરશે. થલસેના, નૌસેના, વાયુસેના અને દિલ્હી પોલીસના એક-એક અધિકારી તથા ૩૨-૩૨ અન્ય રેક્નના જવાનોની બનેલી નેશનલ ફ્લેગ ગાર્ડ વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવે ત્યારે 'રાષ્ટ્રીય સલામી' આપશે. આ ઈન્ટર-સર્વિસ ગાર્ડ અને પોલીસ ગાર્ડની કમાન મેજર લોકેન્દ્ર સિંહ શેખાવત સંભાળશે.

પ્રધાનમંત્રી જ્યારે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે ત્યારે ભારતીય વાયુસેનાના બે Mi-17 હેલિકોપ્ટર કાર્યક્રમ સ્થળ પર ફૂલોની વર્ષા કરશે. એક હેલિકોપ્ટર રાષ્ટ્રીય ધ્વજ અને બીજું 'વંદે માતરમ' લખેલો ધ્વજ લઈને ઉડાન ભરશે.

હેલિકોપ્ટરના કેપ્ટન વિંગ કમાન્ડર રજત અને સ્ક્વોડ્રન લીડર અંકિત વર્ણશેય હશે. ફૂલોની વર્ષા બાદ વડાપ્રધાન દેશને સંબોધિત કરશે. તેમના ભાષણના સમાપન બાદ નેશનલ કેડેટ કોર્પ્સ (NCC)ના કેડેટ્સ અને 'માય ભારત'ના સ્વયંસેવકો 'વંદે માતરમ' અને ત્યારબાદ રાષ્ટ્રગાન ગાશે. આ સમારોહમાં કુલ ૨,૫૦૦ છોકરા-છોકરીઓ (આર્મી, નેવી અને એરફોર્સના કેડેટ્સ) તથા 'માય ભારત'ના સ્વયંસેવકો ભાગ લેશે. આ કેડેટ્સ અને સ્વયંસેવકો પ્રાચીરની સામે જ્ઞાનપથ પર બેસશે અને 'વંદે માતરમ'ની આકૃતિ બનાવશે. જ્ઞાનપથ પર 'વિકસિત ભારત @2047'ની થીમ દર્શાવતા વ્યૂ કટર્સ લગાવવામાં આવશે.

આ વર્ષે લાલ કિલ્લા પર યોજાનારી ઉજવણી નિહાળવા માટે વિવિધ ક્ષેત્રોમાંથી આશરે ૫૦૦૦ ખાસ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ મહેમાનોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સ્વયંસેવકો, PM મુદ્રા યોજના હેઠળની મહિલા ઉદ્યોગસાહસિકો, NAMASTE, PM AJAY અને SEED યોજનાના લાભાર્થીઓ, શ્રેષ્ઠ કામગીરી કરનારા MY Bharat સ્વયંસેવકો, PMAY(U)ના શ્રેષ્ઠ લાભાર્થીઓ, PM SVANidhi હેઠળના સ્ટ્રીટ વેન્ડર્સ, સ્વચ્છ ભારત મિશન હેઠળના શહેરી સફાઈ કર્મચારીઓ, શ્રેષ્ઠ કામગીરી કરનારા દિલ્હી મેટ્રો કર્મચારીઓ, કર્તવ્ય પથ/સેન્ટ્રલ વિસ્ટાના શ્રેષ્ઠ કર્મચારીઓ, રાષ્ટ્રીય ઈનોવેશન પ્રોગ્રામ હેઠળના યુવા ઈનોવેટર્સ, વિવિધ ક્ષેત્રોના શ્રેષ્ઠ ઈનોવેટર્સ અને વૈજ્ઞાનિકો, દિલ્હીના ભારત ટેક્સીના સારથી/કેબ ડ્રાઈવર/ટેક્સી ડ્રાઈવર, પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના હેઠળના શ્રેષ્ઠ ઈન્ટર્ન્સ, વિવિધ યોજનાઓ હેઠળના શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ્સ, PM કૌશલ વિકાસ યોજના હેઠળ પ્રશિક્ષિત શ્રેષ્ઠ યુવાનો, સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ હેઠળના શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ્સ, દિલ્હીની સરકારી હોસ્પિટલોના નર્સિંગ અર્દલી અને અન્ય કર્મચારીઓ, PM સૂર્યઘર મફત વીજળી યોજનાના લાભાર્થીઓ, PM વિશ્વકર્મા યોજનાના કારીગરો, PM શ્રમ યોગી માનધન યોજનાના શ્રેષ્ઠ લાભાર્થીઓ, PM મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહ-યોજના હેઠળના શ્રેષ્ઠ ખેડૂતો અને દિલ્હી સરકારની શાળાઓમાં વિવિધ ક્વિઝ તથા સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

આ ભવ્ય સમારોહ જોવા માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પરંપરાગત પોશાક પહેરેલા ૧,૫૦૦થી વધુ લોકોને પણ આમંત્રિત કરવામાં આવ્યા છે.

વીઆઈપી સંસ્કૃતિને દૂર કરવા અને પાણી બચાવવાના મહત્વને ઉજાગર કરવા માટે, ૨૦૨૬ના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં બેઠક વિસ્તારો (ઘેરા) નદીઓના નામ પર રાખવામાં આવ્યા હતા. સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે, બેઠક વિસ્તારોના નામ ભારતના મુખ્ય તળાવોના નામ પર રાખવામાં આવ્યા છે. આમાં બડખાલ, ભીમતાલ, ચંદ્રતાલ, ચિલિકા, દલપત સાગર, દિમના, દૂધસાગર, હાફલોંગ, હરીક, હુસૈન સાગર, કાંકરિયા, કોલેરુ, લોકટક, લોનાર, પેંગોંગ ત્સો, પુલિકટ, પુષ્કર, રવિન્દ્ર સરોવર, રામગઢ તાલ, રુદ્રસાગર, સખ્યા સાગર, શાંતિ સાગર, વેમ્બનાડ અને વુલરનો સમાવેશ થાય છે.

# ધર્મેન્દ્ર પ્રધાન પછી કોકરોચ જનતા પાર્ટીએ વધુ એક વ્યક્તિના રાજીનામાની માંગ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪**

ધર્મેન્દ્ર પ્રધાન પછી કોકરોચ જનતા પાર્ટીએ વધુ એક વ્યક્તિના રાજીનામાની માંગ કરી છે. હવે કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તાએ, પાર્ટી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI)ના વડા મનન કુમાર મિશ્રાને નિશાન બનાવ્યા છે. સુપ્રીમ કોર્ટના ઠપકા પછી પાર્ટીએ આ માંગણી શરૂ કરી છે. શુક્રવારે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે વિવાદાસ્પદ આદેશ માટે BCIને ઠપકો આપ્યો હતો.

CJP પ્રવક્તા સૌરભ દાસે શુક્રવારે મિશ્રાના રાજીનામાની માંગણી કરી અને એકતાની અપીલ કરી. તેમણે લખ્યું કે, નૈતિક જવાબદારી મનન કુમાર મિશ્રાને રાજીનામું આપવાનું સૂચન કરે છે. તેમણે આગળ લખ્યું કે, કોર્ટની અંદર અને બહાર કોકરોચ ખાતરી કરશે કે આવું થાય છે. નોંધનીય છે કે, CJPએ તાજેતરમાં જ જંતર મંતરની સીઝન ૨ વિશે પણ વાત કરી હતી. સુપ્રીમ કોર્ટે CBIના આદેશ સામે વાંધો ઉઠાવ્યો છે. CJI સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે, આ મામલામાં CBIની કોઈ ભૂમિકા નથી કારણ કે તે તેમના અને વિદ્યાર્થીઓ વચ્ચે વાતચીતનો મામલો હતો. CJI એ કહ્યું કે, વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો અધિકાર છે. તેમને કોણ રોકી શકે છે? મુખ્ય ન્યાયાધીશે ઉમેર્યું કે, આ મારા અને વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચાનો વિષય છે. દખલ કરનારા કોણ છે?

# મુંબઈ અને નાસિકમાં ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નાસિક, તા.૧૪**

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. આ કુદરતી આપત્તિને કારણે સવાર-સવારમાં જ લોકો ઊંઘમાંથી જાગીને ઘરની બહાર સુરક્ષિત સ્થળો તરફ દોડી આવ્યા હતા. સદનસીબે આ અચાનક આવેલા ભૂકંપના કારણે કોઈપણ પ્રકારની જાનહાનિ કે મોટી સંપત્તિના નુકસાનના સમાચાર સામે આવ્યા નથી, જેનાથી વહીવટી તંત્ર અને સ્થાનિક રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

હવામાન વિભાગ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, નાસિક જિલ્લામાં અનુભવાયેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૪ ની નોંધવામાં આવી છે. આ ધરતીકંપનો મુખ્ય પ્રભાવ ખાસ કરીને સુરગાણા તાલુકાના આસપાસના વિસ્તારોમાં સૌથી વધુ જોવા મળ્યો હતો, જ્યાં લોકોએ અચાનક ધરતી ધ્રૂજતી અનુભવી હતી. સામાન્ય તીવ્રતા હોવા છતાં વહેલી સવારના શાંત વાતાવરણમાં આંચકો અનુભવાતાની સાથે જ સ્થાનિક નાગરિકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ક્ષણભરમાં અફરાતફરી જેવું વાતાવરણ સર્જાયું હતું.

આ ભયાનક આંચકાનું કેન્દ્રબિંદુ જમીનથી માત્ર ૩ કિલોમીટર જેટલા છીછરા ઊંડાણમાં હોવાનું નિષ્ણાતો દ્વારા જાણવા મળ્યું છે, જેના કારણે તેનું કેન્દ્ર જમીનની સપાટીની તદ્દન નજીક હોવાથી આંચકાની અસર વધારે તીવ્રતાથી અનુભવાઈ હતી. પ્રશાસન અને સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા હાલમાં સમગ્ર વિસ્તારમાં સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને કોઈ નુકસાન થયું છે કે નહીં તેની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. અધિકારીઓએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને સાવચેતી રાખવા માટે ખાસ અપીલ પણ કરી છે.

# ક્રોમાના સ્વતંત્રતા દિવસના સેલમાં હોમ એપ્લાયન્સિસ પર ફ્લેટ ૨૦ ટકા ડિસ્કાઉન્ટ, એક્સચેન્જ બોનસ અને વધુ ઓફર્સ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૧૪**

ટાટા ગ્રુપની ભારતની અગ્રણી ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર કંપની ક્રોમાએ પોતાની સ્વતંત્રતા દિવસના સેલની જાહેરાત કરી છે. ૧૬ ઓગસ્ટ સુધી ચાલનારા આ સેલ હેઠળ હોમ એપ્લાયન્સિસ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને ટેક્નોલોજી પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી પર વિવિધ ઓફર્સ આપવામાં આવી રહી છે. ગ્રાહકો Tata Neu રિવોર્ડ્સ, બેન્ક કેશબેક, એક્સચેન્જ લાભો અને બોનસ દ્વારા વધારાની બચતનો લાભ લઈ શકશે. હોમ એપ્લાયન્સિસ, કિચન એપ્લાયન્સિસ અને હોમ એન્ટરટેઈનમેન્ટ પર ફ્લેટ ૨૦ ટકા ડિસ્કાઉન્ટ.

આમાં ટીવી, રેફ્રિજરેટર, એર કન્ડિશનર, વોશિંગ મશીન, કિચન એપ્લાયન્સિસ, હોમ ઑડિયો, એર પ્યુરિફાયર અને વેક્યૂમ ક્લીનર સહિતની પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. સેમસંગ ૭૫ ઈંચ NeoQLED 8K ટીવી: ૬૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ ૫૫ ઈંચ સુધીનું કોઈપણ ટીવી ખરીદો: એલજીસાઉન્ડબાર S40T માત્ર રૂ.૧૦,૯૯૦માં ૮ કિલો ટોપ લોડ વોશિંગ મશીનની શરૂઆતની કિંમત રૂ.૨૧,૭૦૦ ૪૩૬ લિટર ફ્રોસ્ટ-ફ્રી રેફ્રિજરેટરની શરૂઆતની કિંમત રૂ.૪૩,૭૯૦

**ક્રેડિટ કાર્ડથી વધુ બચતનો લાભ** ગ્રાહકો ખરીદીની રકમના આધારે તાત્કાલિક ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકશે. ફુલ સ્વાઈપ પર રૂ.૫,૦૦૦ની ખરીદી માટે રૂ.૨૫૦થી ડિસ્કાઉન્ટ શરૂ થશે, જ્યારે ઈએમઆઈ પર રૂ.૨૦,૦૦૦ની ખરીદી માટે રૂ.૧,૨૫૦થી ડિસ્કાઉન્ટ શરૂ થશે. ગ્રાહક Tata Neu ક્રેડિટ કાર્ડ પર વધારાના ૫ ટકા સુધીના NeuCoinsનો લાભ લઈને પોતાની બચતને વધુ વધારી શકે છે. લેપટોપ પર આકર્ષક અને ચૂકી ન શકાય તેવી ડીલ્સ- વિન્ડોઝ લેપટોપ: વિદ્યાર્થીઓ માટે ૧૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ- મેકબુક એર M5: દર મહિને માત્ર રૂ.૫,૬૨૧ના પોસાય તેવા ઈએમઆઈથી ઉપલબ્ધ- આઈપેડ ૧૧મી જનરેશન દર મહિને માત્ર રૂ.૧,૯૩૯ના પોસાય તેવા ઈએમઆઈથી ઉપલબ્ધ- પસંદગીની સ્માર્ટફોન રેન્જ પર રૂ.૫,૯૯૦ની કિંમતના સોની હેડફોન્સ અને રૂ.૮,૮૦૦ની કિંમતની અમેરિકન ટુરિસ્ટર કોલોરાડો મફત મેળવો.

# સનશાઇન પિક્ચર્સ લિ.નો આઈપીઓ મંગળવાર, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૧૪**

સનશાઈન પિક્ચર્સ લિમિટેડ પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા પોતાના ઈક્વિટી શેરનો આઈપીઓ મંગળવાર, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગની તારીખ સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ગુરુવાર, ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ છે. ઓફરનો પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂા.૩૪૨ થી રૂા.૩૬૦ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૪૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. ઈક્વિટી શેર બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફર માટે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ રહેશે. જીવાયઆર કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

આ ઓફરમાં પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૪૮,૦૦,૦૩૪ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેનું કુલ મૂલ્ય વધુમાં વધુ રૂા.૧૭૨.૮૦ કરોડ છે. આ ઉપરાંત, વધુમાં વધુ ૩૦,૩૭,૧૫૭ ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર પણ સામેલ છે, જેનું કુલ મૂલ્ય વધુમાં વધુ રૂા.૧૦૯.૩૩ કરોડ છે. આ પૈકી વિપુલ અમૃતલાલ શાહ પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૨૦,૩૧,૩૮૮ ઈક્વિટી શેર, એટલે કે રૂા.૭૩.૧૩ કરોડ સુધીના શેર ઓફર કરી રહ્યા છે, જ્યારે શેફાલી વિપુલ શાહ દરેક રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૧૦,૦૫,૭૬૯ ઈક્વિટી શેર, એટલે કે રૂા.૩૬.૨૧ કરોડ સુધીના શેર ઓફર કરી રહ્યા છે. સનશાઈન પિક્ચર્સ એક પ્રોડક્શન હાઉસ છે, જે ફિલ્મો, ટીવી સિરિયલ અને વેબ સિરીઝની કલ્પના, સર્જન, વિકાસ, નિર્માણ, માર્કેટિંગ અને વિતરણના વ્યવસાય સાથે સંકળાયેલું છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસની તારીખ સુધીમાં સનશાઈન પિક્ચર્સે (૧) કુલ ૧૩ કોમર્શિયલ ફિલ્મોનું નિર્માણ કર્યું છે. જેમાંથી ૭ પ્રતિષ્ઠિત સ્ટુડિયો સાથે સહ-નિર્મિત અને ૬ ફિલ્મોનું સ્વતંત્ર રીતે નિર્માણ કરવામાં આવ્યું છે (૨) ૨ વેબ સિરીઝ, (૩) ૩ ટીવી સિરિયલ અને (૪) ૧ શોર્ટ કોમર્શિયલ ફિલ્મનું નિર્માણ કર્યું છે.

કંપનીએ તાજેતરમાં સનશાઈન મ્યુઝિક અને સનશાઈન ડિજિટલ (ઓરિજિનલ્સ) નામના બે નવા વર્ટિકલ શરૂ કર્યા છે.

હાલમાં કંપનીની યુટ્યુબ ચેનલ પર ૩૬ ઓરિજિનલ મ્યુઝિક વીડિયો અને તેની પ્રથમ ડિજિટલ વેબ સિરીઝ 'બાવરા મન' તેમજ 'અનકહીં' ઉપલબ્ધ છે. આ ઉપરાંત, સનશાઈન પિક્ચર્સ આગામી સમયમાં નિર્માણ માટે ૬ ફિલ્મો અને ૨ વેબ સિરીઝની પણ યોજના ધરાવે છે.

## સ્પોર્ટ્સ ન્યૂઝ

# ભારત અને શ્રીલંકા વચ્ચે ૨ ટેસ્ટ મેચની સિરીઝ આજથી શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૧૪ :** ભારત અને શ્રીલંકા વચ્ચે ૨ ટેસ્ટ મેચની સિરીઝ રવિવાર, ૧૫ ઓગસ્ટથી શરૂ થઈ રહી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રાખવા માટે ભારતે આ સિરીઝ જીતવી પડશે. આ મુકાબલો ગાલે આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાશે.

હેડ કોચ ગૌતમ ગંભીર માટે પણ આ સિરીઝ ખુબ મહત્વપૂર્ણ રહેવાની છે. તેના કોચ રહેતા ટીમ ઈન્ડિયાએ ૨૦૨૬ ટી૨૦ વિશ્વકપ અને ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં ભારતનો રેકોર્ડ ખરાબ રહ્યો છે. શુભમન ગિલ સહિત ઘણા ભારતીય ખેલાડીઓ શ્રીલંકામાં પોતાની પ્રથમ ટેસ્ટ રમી રહ્યાં છે. આ સિરીઝમાં બંને ટીમો માટે ઘણી વસ્તુ દાવ પર હશે, પરંતુ ભારતમાં આ સિરીઝ કઈ ચેનલ અને એપ પર લાઈવ જોઈ શકાય છે. અહીં તમને આ સવાલનો જવાબ મળશે.

ટીવી પર જોવા ઈચ્છો છો તો સોની સ્પોર્ટ્સ નેટવર્ક તેનું લાઈવ પ્રસારણ કરશો. તો કોઈ એન્ડ્રોયડ ડિવાઈસ પર લાઈવ સ્ટ્રીમિંગ જોવા ઈચ્છો છો તો સોની લેવ એપ પર જોઈ શકશો.

તમે ભારત અને શ્રીલંકાની ટેસ્ટ સિરીઝ ફ્રીમાં પણ જોઈ શકો છો. તે માટે તમારી પાસે ડિશ કનેક્શન હોવું જરૂરી છે. ડીડી સ્પોર્ટ્સ આ સિરીઝનું લાઈવ પ્રસારણ કરશે.

**ભારતની ટીમ:** શુભમન ગિલ (કેપ્ટન), કેએલ રાહુલ, યશસ્વી જાયસવાલ, રિષભ પંત, ધ્રુવ જુરેલ, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, દેવદત્ત પડિક્કલ, સારાંશ જૈન, આકિબ નબી, સરફરાઝ ખાન.

**શ્રીલંકન ટીમ:** ધનંજય ડી સિલ્વા (કેપ્ટન), કામિન્દુ મેન્ડિસ, લાહિરૂ ઉદારા, નિશાન મદુશંકા, દિનેસ ચંડીમલ, પસિંદુ સોરિયાબંદરા, સોનલ દિનુશા, નિરોશન ડિકવેલા, રમેશ મેન્ડિસ, પ્રભાત જયસૂર્યા, કેશરા નુવાંથા, મિલન રથનાયકે, અસિથા ફર્નાન્ડો, લાહિરૂ કુમારા, વિશ્વા ફર્નાન્ડો, દિલનાશ મદુશંકા.

એક તરફ ભારતીય ટીમ છે, જે નવેમ્બર ૨૦૨૪થી લઈને અત્યાર સુધી માત્ર એક ટેસ્ટ સિરીઝ જીતી શકી છે, જેમાં બે કે તેથી વધુ ટેસ્ટ રમાઈ હોય. પરંતુ પોતાની ૬૦૦મી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા જીતના માર્ગ પર પરત ફરવા ઈચ્છશે. બીજીતરફ શ્રીલંકાનો તાજેતરનો રેકોર્ડ સારો રહ્યો નથી. છેલ્લા આઠ ટેસ્ટ મુકાબલામાં

# ૧૦૬ મેચમાં ૪૩૪ વિકેટ ઝડપી : કપિલ દેવની બરાબરી કરી મિચેલ સ્ટાર્કે રચ્યો ઈતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૧૪ :** ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટમાં એક શાનદાર અને ઐતિહાસિક ઉપલબ્ધિ પોતાના નામે કરી લીધી છે.

બાંગ્લાદેશ સામે ડારવિનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઓપનર શાદમાન ઈસ્લામની વિકેટ ઝડપતાની સાથે જ સ્ટાર્ક ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર ડાબોડી બોલર બની ગયો છે. આ રેકોર્ડ સાથે તેણે વૈશ્વિક સ્તરે પોતાની શ્રેષ્ઠતા વધુ એકવાર સાબિત કરી છે. ૩૬ વર્ષીય મિચેલ સ્ટાર્કે આ મામલામાં શ્રીલંકાના મહાન સ્પિનર રંગના હેરાથને પાછળ છોડી દીધો છે. આ ઉપરાંત, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં તેણે ભારતના મહાન કેપ્ટન અને ઓલરાઉન્ડર કપિલ દેવની બરાબરી પણ કરી લીધી છે. બાંગ્લાદેશની પહેલી ઈનિંગ દરમિયાન નવમી ઓવરમાં સ્ટાર્કે આ સફળતા મેળવી હતી. મિચેલ સ્ટાર્કે માત્ર ૧૦૬ મી ટેસ્ટ મેચમાં જ ૪૩૪ વિકેટોનો આંકડો સ્પર્શી લીધો છે, જ્યારે કપિલ દેવે ૧૩૧ ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી.

હવે મિચેલ સ્ટાર્કની નજર ટેસ્ટ ક્રિકેટના ઓલ-ટાઈમ ટોપ-૧૦ બોલરોની યાદીમાં સ્થાન મેળવવા પર છે. સાઉથ આફ્રિકાના મહાન ઝડપી બોલર ડેલ સ્ટેન ૪૩૯ વિકેટો સાથે આ યાદીમાં ૧૦મા ક્રમે છે. સ્ટાર્ક હાલ ડેલ સ્ટેનથી માત્ર ૬ વિકેટ પાછળ છે, અને ટોપ-૧૦માં પહોંચવા માટે તેને હવે માત્ર થોડી જ વિકેટોની જરૂર છે. તેની શાનદાર બોલિંગ રફતાર જોતા તે જલદી જ આ મુકામ પણ હાસિલ કરી લેશે તેવી પૂરી સંભાવના છે.

ઓક્ટોબર ૨૦૧૦ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર મિચેલ સ્ટાર્કે પોતાની ઝડપી ગતિ, સ્વિંગ અને ઘાતક યોર્કરથી દુનિયાભરના બેટ્સમેનોને પરેશાન કર્યા છે. તે પોતે વિશ્વના ખુબ જ જુજ ખેલાડીઓ પૈકીના એક છે જેમણે વનડે વર્લ્ડ કપ, ટી-૨૦ વર્લ્ડ કપ અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ખિતાબ જીત્યા છે. વર્ષ ૨૦૧૫ના વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન માટે તેમને 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫માં તેમણે ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સન્યાસની જાહેરાત કરી હતી.

**80મા સ્વાતંત્ર્ય દિનની પારડીનગરપાલિકા વિસ્તારના મારા વોર્ડ નંબર 4 સહિત તમામ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રીમતી ભૂમિ શ્રેયસ પારેખ**
સદસ્ય વોર્ડ નં. ૪
પારડી નગરપાલિકા

**80મા સ્વાતંત્ર્ય દિનની સુખેશ ગામ સહિત પારડી તાલુકાના તમામ ગામવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રી પુનિતભાઈ પટેલ**
પારડી તાલુકા ભાજપ પ્રમુખ
સરપંચ સુખેશ ગ્રામ પંચાયત

**80મા સ્વાતંત્ર્ય દિનની પારડીનગરપાલિકા વિસ્તારના મારા વોર્ડ નંબર 3 સહિત તમામ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રીમતી ઉષાબેન યોગેશભાઈ પટેલ**
વીજળી સમિતિના ચેરમેન
પારડી નગરપાલિકા

**80મા સ્વાતંત્ર્ય દિનની પારડી નગરપાલિકા વિસ્તારના મારા વોર્ડ નંબર 1 સહિત તમામ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રી શિરીષકુમાર ગમનભાઈ પટેલ**
ટાઉન પ્લાનિંગ અધ્યક્ષ
પારડી નગરપાલિકા

**80મા સ્વાતંત્ર્ય દિનની પારડી તાલુકાના તમામ ગામવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રીમતી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ**
પ્રમુખ
પારડી તાલુકા પંચાયત

**80મા સ્વાતંત્ર્ય દિનની વલસાડ જિલ્લાના તમામ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રી રાજેશભાઈ એમ. પટેલ**
ઉપપ્રમુખ
વલસાડ જિલ્લા ભાજપ આદિજાતિ મોરચા
પૂર્વ પ્રમુખ પારડી શહેર ભાજપ

**80મા સ્વાતંત્ર્ય દિનની પારડી નગરપાલિકા વિસ્તારના મારા વોર્ડ નંબર 6 સહિત તમામ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રી જીગ્નેશભાઈ છોટુભાઈ આહીર**
અપક્ષ સદસ્ય વોર્ડ નં. ૬
પારડી નગરપાલિકા

**80મા સ્વાતંત્ર્ય દિનની વલસાડ જિલ્લાના મારા તમામ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રીમતી કોકિલા શાહી**
વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ મહિલા પ્રમુખ
GLOW AND GROW LADIES EMPLOWERMENT CLUB PARDI
સંગઠન સંસ્થાપક

**80મા સ્વાતંત્ર્ય દિનની ઉમરસાડી માછીવાડ ગામ સહિત પારડી તાલુકાના મારા તમામ ગામવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રીમતી ખુશ્બુબેન જવાહરભાઈ ટંડેલ**
પારડી તાલુકા ભાજપ મહિલા પ્રમુખ
ઉમરસાડી માછીવાડ ગ્રામ પંચાયત સરપંચ

**80મા સ્વાતંત્ર્ય દિનની પારડી નગરપાલિકા વિસ્તારના મારા વોર્ડ નંબર 3 સહિત તમામ નગરજનોને હાર્દિક શુભેચ્છાઓ**



**શ્રીમતી વનિતાબેન કપિલકુમાર હળપતિ**
ઉપનેતા પ્રતિપક્ષ,
પારડી નગરપાલિકા

**શ્રી કપિલકુમાર કાંતિભાઈ હળપતિ**
પ્રમુખશ્રી
પારડી શહેર કોંગ્રેસ સમિતિ



# આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં નાનાપોંઢા ખાતે જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થશે



**જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે રિયલ ટાઈમ રિહર્સલ કરાયું: પરેડ, સલામી અને સાંસ્કૃતિક નૃત્ય, ગરબા અને યોગા ડાન્સ સાથે રિહર્સલને આખરી ઓપ અપાયો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકા ખાતે તા.૧૫ ઓગસ્ટે ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી સવારે ૯:૦૦ વાગે રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રીશ્રી અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં થશે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સુચારૂ રીતે પાર પડે તે માટે જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. તમામ તૈયારીઓ પૂર્ણ થતા તા.૧૪ ઓગસ્ટે સવારે ૯ કલાકે જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાન અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં રિયલ ટાઈમ રિહર્સલ કરાયું હતું.

રિહર્સલ દરમિયાન ધ્વજવંદન, પરેડ નિરીક્ષણ, પોલીસ પ્લાટૂન દ્વારા સલામી તેમજ વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની થીમ પર રજૂ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમાનું નિરીક્ષણ કરી અધિકારીઓ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નાગરિકો સરળતાથી પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી શકે વહીવટીતંત્ર દ્વારા સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કલેક્ટરશ્રી નીતિન સાંગવાન દ્વારા જિલ્લાની વિવિધ સંસ્થાઓ તથા નાનાપોંઢાના નગરજનોને આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

# ‘વિભાજન વિભીષિકા-સ્મૃતિ દિવસ’ નિમિત્તે દમણમાં પ્રદેશ ભાજપ દ્વારા મૌન રેલી યોજાઈ

**મૌન રેલીના માધ્યમથી વિભાજનની વેદનાને સ્મરણમાં રાખી દેશની એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાને વધુ મજબૂત બનાવવાનો આપેલો સંદેશ**

**ભાજપ કાર્યાલય ખાતે સમૂહમાં નિહાળી ભારતના વિભાજનની પૃષ્ઠભૂમિ અને તે સમયની કરુણ પરિસ્થિતિ પર આધારિત ડોક્યુમેન્ટરી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૧૪**


આજે ૧૪ ઓગસ્ટના રોજ દેશભરમાં ‘વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ’ મનાવવામાં આવે છે. વર્ષ ૧૯૪૭માં ભારતના વિભાજન દરમિયાન લાખો નિર્દોષ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા, જ્યારે અસંખ્ય પરિવારોને પોતાના ઘર, વતન અને સ્વજનોને છોડીને વિસ્થાપિત થવાની વેદના સહન કરવી પડી હતી. આ દિવસ એ ઐતિહાસિક દુ:ખદ ઘટનાને યાદ કરવાનો તેમજ વિભાજન દરમિયાન ભોગ બનેલા તમામ નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાપૂર્વક નમન કરવાનો અવસર છે.

આ નિમિત્તે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશના ભારતીય જનતા પાર્ટી અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરીયાના માર્ગદર્શન હેઠળ તેમજ દમણ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં દમણ ખાતે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદેશ ભાજપ દમણ કાર્યાલયથી શરૂ થયેલી આ મૌન રેલીમાં દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્યો, સરપંચશ્રીઓ, દમણ નગરપાલિકાના કાઉન્સિલરો તેમજ દમણ જિલ્લા ભાજપના વિવિધ હોદ્દેદારો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મૌન રેલી દરમિયાન વિભાજનની કરુણ વેદનામાં પોતાના પ્રાણ ગુમાવનાર તમામ નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. રેલીના સમાપન બાદ પ્રદેશ ભાજપ કાર્યાલય, દમણ ખાતે સૌએ સમૂહમાં બેસીને ભારતના વિભાજનની પૃષ્ઠભૂમિ અને તે સમયની કરુણ પરિસ્થિતિ પર આધારિત ડોક્યુમેન્ટરી નિહાળી હતી. આ કાર્યક્રમ દ્વારા વિભાજનની વેદનાને સ્મરણમાં રાખી દેશની એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# વલસાડ પાલિકાના મહિલા કોર્પોરેટર સામાન્ય સભામાં ઉપ પ્રમુખે ગેરવર્તણૂક કરતા ઉપવાસ પર બેઠ્યા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

વલસાડ નગરપાલિકાની ગત તા.૧૦ ઓગસ્ટના રોજ સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં શાસક ભાજપ પક્ષ અને વિરોધ કોંગ્રેસ પક્ષ વચ્ચે બરાબર ગરમાગરમી થઈ હતી. સામાન્ય સભા દરમિયાન ઉપ પ્રમુખ વિરોધ પક્ષના સભ્ય વિરૂધ્ધ તુ તારી ની ભાષામાં વાત કરતા મામલાએ યુ ટર્ન લીધો છે. મહિલા સભ્ય પાલિકા પરિસરમાં આમરણાંત ઉપવાસ ઉપર બેસી ગયા છે અને ઉપ પ્રમુખ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

વલસાડ નગરપાલિકાની સામાન્ય સભામાં ઉપ પ્રમુખ આશુતોષ મિશ્રાએ ઉડતુ તીર પકડી લીધુ હતું. ચર્ચા દરમિયાન મહિલા કોર્પોરેટર જોષ્નાબેનને સભામાં તુ તારી ની ભાષા ઉપર ઉતરી આવ્યા હતા. અસભ્ય ઉપ પ્રમુખે કરેલ ગેરવર્તુણૂંકનો મુદ્દો વધુ તેજ બની રહ્યો છે. મહિલા કોર્પોરેટર જોષ્નાબેન પાલિકા પરિસરમાં આમરણાંત ઉપવાસ ઉપર બેસી ગયા છે. દિવસ-રાત અડગ બેસી રહીને તેઓ ઉપ પ્રમુખ વિરૂદ્ધ કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. વલસાડ પાલિકાના રાજકારણમાં જોષ્નાબેનના ઉપવાસનો મુદ્દો ભારે ગરમાઈ ગયો છે. બીજી તરફ પાલિકાના મહિલા પ્રમુખે પણ વાતની ગંભીરતા લીધી નથી. તેઓ ઉપ પ્રમુખના બચાવમાં બોલતા જણાયા હતા કે દક્ષિણ ગુજરાતમાં તું તારી સામાન્ય બોલચાલની ભાષા છે.


**૮૦મા સ્વાતંત્ર્ય દિવસની હાર્દિક શુભેચ્છા**



**એક શુભેચ્છક**

**સરીગામ જી.આઈ.ડી.સી.**


# વાપીની એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ ક્વિઝ સ્પર્ધામાં ઝળક્યા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**

આશાધામ સ્કૂલ વાપી દ્વારા આયોજિત ૨૫મી ઈન્ટરસ્કૂલ ક્વિઝ સ્પર્ધામાં ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ આયોજિત કરવામાં આવી હતી. વલસાડ દમણ અને સેલવાસ મળીને કુલ ૩૦ સ્કૂલોને ભાગ લીધો હતો. જેમાં શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના ત્રણે ત્રણ ગ્રુપમાં વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ચેમ્પિયનશિપનું ટાઈટલ પ્રાપ્ત કર્યુ છે. શાળાના ગૌરવશાળી વિદ્યાર્થીઓ ગ્રુપ ૧માં ધોરણ ૬ના માસ્ટર જેમીન ભદેજા અને ધોરણ ૭ ના માસ્ટર હેરંબ શર્મા. ગ્રુપ ૨ ધોરણ ૯ ના માસ્ટર પ્રયાગ કુલકર્ણી અને ધોરણ ૧૦ ના માસ્ટર અનમોલ શ્રીવાસ્તવ, ગ્રુપ ૩ માં ધોરણ ૧૧ ના માસ્ટર રીસી મિશ્રા અને ધોરણ ૧૨ના માસ્ટર યુવરાજ સિંહ. ત્રણે ત્રણ ગ્રુપના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે.

આ સફળતાથી ગર્વ અનુભવતા, સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશન ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ.કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

# વલસાડમાં આશા વર્કર બહેનોએ પગારના પડતર પ્રશ્નોના ઉકેલ માટે દેખાવો યોજી ડીડીઓને આવેદન આપ્યું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૪**



વલસાડ જિલ્લામાં ગામડે ગામડે આરોગ્યની સેવા આપતી આશાવર્કર બહેનો અને ફેસેલીટર બહેનોને વેતન અંગેના કેટલાક મુદ્દા વણઉકેલ્યા રહ્યા હોવાથી વલસાડમાં દેખાવો યોજીને ડી.ડી.ઓ.ને આવેદનપત્ર પાઠવી બાકી વેતન આપવાની માંગણી કરી હતી અને સુત્રોચ્ચાર કર્યા હતા.

વલસાડ જિલ્લામાં આરોગ્ય સેવા આપતની આશાવર્કર બહેનોના અગ્રણી ચંદ્રીકાબેન સોલંકીએ જણાવ્યું હતું કે, બહેનોના પ્રશ્નો વર્ષોથી ઉકેલાતા નથી. ખાસ કરીને બે બે વર્ષથી આભા કાર્ડનું વળતર આપવામાં આવ્યું નથી. તદઉપરાંત આયુષ્માનની સેવામાં યોજના ચાલુ થઈ ત્યારથી આજદિન સુધી સેવા અંગે કોઈપણ વળતર આપવામાં આવ્યું નથી તેથી અમારી આ માંગણી માટે ડી.ડી.ઓ.ને આવેદનપત્ર આપ્યું છે. જિલ્લા પંચાયતના વહીવટમાં તદ્દન લાલીયાવાડી ચાલી રહી છે. આશાવર્કર અને ફેસેલીટર બહેનોની વ્યાજબી માંગણીનો સત્વરે ઉકેલ નહી આવે તો તમામ બહેનોએ ચીમકી ઉચ્ચારી હતી કે આગામી સમયે ઉગ્ર આંદોલન કરીશું.


**CHANGE OF NAME**

I have changed my name from SINGH SONAMKUMARI ARUNKUMAR (OLD NAME) to SONAM SINGH (NEW NAME). I will be known by my new name Sonam Singh as per my documents.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SHANKAR LAL TO **SHANKAR LAL SHARMA** AS PER DOCUMENT **ADDRESS :** F-603 TIRUPATI RESIDENCY, AMLI, SILVASSA 396230



TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૭/૦૮/૨૦૨૬ સોમવાર | દાદરા | ૧૧ કેવી દાદરા ટાઉન | હોલીમોરા, માહ્યાવંશી ફળિયા, કેપી વિહાર, જૈન મંદિર વિસ્તાર, વલસાડ ફળિયા, સાંઈ કોમ્પ્લેક્ષ, સીએચસી, રતન પેટ્રોલ પંપ વિસ્તાર, એસાર પેટ્રોલ પંપ, પાલી રેસિડેન્સી, શગુન રેસિડેન્સી વિસ્તાર, વ્રજધામ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551

connect.torrentpower.com

connect.dnhdd@torrentpower.com



TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૬-૦૮-૨૦૨૬ (રવિવાર) સવારે ૦૯:૦૦ થી બપોરે ૩:૦૦ | રિંગણવાડા | ૧૧કેવી પ્રિન્સ | રાજ પ્લાસ્ટિક, જીવરાજિકા, મેસર્સ પ્રિન્સવેર ઈન્ટરનેશનલ પ્રા. લિ., જીવારાજકા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, કૃષ્ણ સિન્થેટિક, એસવીજી ફેશન્સ પ્રા. લિ. |
| | | ૧૧કેવી મહેતા-મેટ્રો + પાર્કસન | મેહતા ફ્લેક્સ એલએલપી (યુનિટ -૨), પાર્કસન્સ પેકેજિંગ લિ., મેહતા ફ્લેક્સ એલએલપી |
| | | ૧૧કેવી ભક્તિ | રીંગણવાડા ઔદ્યોગિક વિસ્તાર, ઓઆઈડીસી ઉદ્યોગ નગર |
| ૧૭-૦૮-૨૦૨૬ (સોમવાર) સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ | વરકુંડ | ૧૧કેવી કેએલજે | વડચોકી એરિયા, ભેસલોર ઈન્ડસ્ટ્રીયલ એરિયા |
| ૧૮-૦૮-૨૦૨૬ (મંગળવાર) સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ | દલવાડા | ૧૧કેવી ઈનારકોન | સિલ્વર ઈન્ડ. એસ્ટેટ, કંડોઈ યુનિટ ઈન્ડ. |
| | | ૧૧ કેવી સુઝલોન | સુપ્રીમ ઈન્ડ. એસ્ટેટ,કેસર ઈન્ડ. એસ્ટેટ, |
| | | ૧૧ કેવી એવીઆઈ ગ્લોબલ | એવીઆઈ ગ્લોબલ પ્લાસ્ટ પ્રા. લિ. |
| | | ૧૧ કેવી પીવીડી | પીવીડી પ્લાસ્ટ ઈન્ડ., માર્સ પેકેજિંગ, રાધા માધવ ઈન્ડ., બાંસવારા ઈન્ડ., સુપ્રીમ ટ્રેવ્સ ઈન્ડ. |
| | | ૧૧ કેવી પારસ | પારસ લુબ્રિકન્ટ્સ લિ., મેસર્સ યશ પોલી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. |
| | | ૧૧ કેવી દમણ પોલી + પીવીએન | દમણ પોલીથ્રેડ લિ. |
| | | ૧૧ કેવી એન્કરવાડી | સુપ્રીમ ઈન્ડ. એસ્ટેટ, કેસર ઈન્ડ. એસ્ટેટ |
| ૧૯-૦૮-૨૦૨૬ (બુધવાર) સવારે ૯:૦૦ થી સાંજે૬:૦૦ | ભીમપોર | ૧૧ કેવી જલારામ | પંચાલ ઉદ્યોગ નગર |
| | | ૧૧ કેવી પંચાલ | નેહુ બાર, પંચાલ ઉદ્યોગ નગર, પટેલ ફળિયા-વાંકડ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551

connect.torrentpower.com

connect.dnhdd@torrentpower.com



**૮૦મા સ્વાતંત્ર્ય દિનની તમામ ગ્રામજનોને હાર્દિક શુભેચ્છા**

**માંડા ગ્રામ પંચાયત**





સરપંચ શ્રીમતી સંગીતાબેન પ્રભુભાઈ ઠાકરીયા

ઉપસરપંચ શ્રી મનુભાઈ સાવજીભાઈ દુમાડા

તલાટી કમ મંત્રી શ્રી જયેશભાઈ અરજણભાઈ ભુવા

તથા ગ્રામ પંચાયતના તમામ સભ્યોશ્રી

■ નિયમિત વેરો ભરો ■ વિકાસના કામોમાં સહકાર આપો

■ વૃક્ષો વાવો પર્યાવરણ બચાવો ■ પાણી બચાવો પાણી તમને બચાવશે



**૮૦મા સ્વાતંત્ર્ય દિનની તમામ ગ્રામજનોને હાર્દિક શુભેચ્છા**

**સરીગામ ગ્રામ પંચાયત**





સરપંચશ્રી સહદેવભાઈ મારીયાભાઈ વઘાત

ઉપ સરપંચશ્રી સંજયભાઈ મંગલાભાઈ બાડગા

તલાટી કમ મંત્રી શ્રી હિરાભાઈ વઢેર

તથા ગ્રામ પંચાયતના તમામ સભ્યોશ્રી

■ નિયમિત વેરો ભરો ■ વિકાસના કામોમાં સહકાર આપો

■ વૃક્ષો વાવો પર્યાવરણ બચાવો ■ પાણી બચાવો પાણી તમને બચાવશે



વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# આજે દમણમાં મોટી દમણના લાઈટ હાઉસ બીચ ખાતે ૧૫મી ઓગસ્ટનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૧૪ આવતીકાલે ૧૫મી ઓગસ્ટના ૮૦મા સ્વતંત્રતા દિવસના ધ્વજવંદનની ઉજવણીનો કાર્યક્રમ મોટી દમણના લાઈટ હાઉસ બીચ ખાતે સવારે ૮.૧૫ કલાકથી યોજાશે જેમાં દમણના નાગરિકો તથા પ્રવાસીઓને ઉપસ્થિત રહેવા માટે દમણના ડેપ્યુટી કલેક્ટર શ્રીમતી આરતી અગ્રવાલે નિમંત્રણ પાઠવ્યું છે.





